સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 40

[SEPT-OCT - 2020]
[27/09/20 to 03/10/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- ગ્રીસના એથેન્સ બાદ ગુજરાતના વડનગરમાં વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ બનશે
- યુનેસ્કો Smart Citites Accelerator Award 2020 અંતર્ગત વિશ્વના 10 શહેરોમાં ભારતમાંથી એકમાત્ર સુરતનો સમાવેશ
- કોરોનાકાળમાં સમગ્ર ભારતમાં સૌપ્રથમ બિહારમાં વિધાનસભા ચૂંટણીનું આયોજન
- શ્રી ગુરપ્રીત સિંહ સંધુ AIFF Player of the Year એવોર્ડ વિજેતા બીજા ગોલકીપર બન્યા
- Thank You VIRAAT : વિશ્વના સૌથી જૂના વિમાનવાહક જહાજ INS વિરાટને અંતિમ વિદાય
- સુશ્રી વૈભવી નાણાવટી, શ્રી નિર્ઝરકુમાર દેસાઈ અને શ્રી નિખિલ કરિયલના ગુજરાત હાઈકોર્ટના નવા જજ તરીકે શપથ


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**27 SEPTEMBER, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિન (World Tourism Day)

સમગ્ર વિશ્વમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોના પ્રસારમાં પ્રવાસનના યોગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **27 સપ્ટેમ્બર**ના રોજ **'વિશ્વ પ્રવાસન દિન'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **United Nations World Tourism Organization (UNWTO)** દ્વારા **1980**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ **2020**ની વિશ્વ પ્રવાસન દિવસની થીમ **Tourism and Rural Development (પ્રવાસન અને ગ્રામીણ વિકાસ)** છે.
- UNWTO અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રવાસન દ્વારા **10 ટકા** નોકરીઓનું સર્જન થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ:** (1) **ગુજરાત**માં વર્ષ **2018-19** દરમિયાન **5.75 કરોડ** પ્રવાસી આવ્યા હતા. ગુજરાતમાં એક જ વર્ષમાં 5 કરોડ કરતા વધુ પ્રવાસી આવ્યા હોય તેવી આ **પ્રથમ** ઘટના છે.

(2) જોકે, વિદેશી પ્રવાસીઓને આકર્ષવાની બાબતમાં ગુજરાતનો સમાવેશ ભારતના ટોચના 10 રાજ્યોમાં પણ થતો નથી.

(3) વર્ષ **2018**માં ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ **મહારાષ્ટ્ર**માં આવ્યા હતા. **મહારાષ્ટ્ર** બાદ **બીજા** ક્રમે **તમિલનાડુ**માં અને **ત્રીજા** ક્રમે **ઉત્તરપ્રદેશ**માં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા.

(4) જ્યારે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન રિપોર્ટ અનુસાર વર્ષ **2018**માં સૌથી વધુ પ્રવાસીઓએ **ફ્રાન્સ**ની મુલાકાત લીધી હતી. **ફ્રાન્સ** બાદ **સ્પેન બીજા** અને **અમેરિકા ત્રીજા** ક્રમે છે.

(5) વર્ષ **2018**માં **ભારત**માં **1.74 કરોડ વિદેશી પર્યટકો** આવ્યા હતા.

## ➢ ભારતીય નૌસેનાના ઈતિહાસમાં પ્રથમ વખત બે મહિલા અધિકારીઓ યુદ્ધ જહાજ પર તૈનાત

સબ લેફ્ટેનન્ટ કુમુદિની ત્યાગી અને સબ લેફ્ટેનન્ટ રિતિ સિંહની ભારતીય નૌસેના દ્વારા 'એરબોર્ન ટેકનીશિયન' તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત તેઓ ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર હેલિકોપ્ટર ઓપરેટ કરવાની જવાબદારી સંભાળશે.
- ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર કોઈ મહિલા અધિકારીને તૈનાત કરવામાં આવ્યા હોય એવી આ પ્રથમ ઘટના છે.
- આ સાથે જ સુશ્રી કુમુદિની ત્યાગી અને સુશ્રી રિતિ સિંહ ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર તૈનાત થનાર પ્રથમ મહિલા અધિકારી બની ગયા છે.

**નોંધ :** (1) ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાઈલટ સુશ્રી શિવાંગી સિંહ છે.
(2) રાફેલ વિમાનના પ્રથમ મહિલા પાઈલટ તરીકે પણ તાજેતરમાં સુશ્રી શિવાંગી સિંહની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ગ્રીસના એથેન્સ બાદ ગુજરાતના વડનગરમાં વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ બનશે

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ સ્થળ ગુજરાતના વડનગરને વિશ્વ સ્તરના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાતના વડનગર ખાતે રૂ. 220 કરોડથી વધુના ખર્ચે વિવિધ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

### વિશ્વના બીજા નંબરનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ

ભારતમાં ગુજરાતના વડનગર ખાતે આશરે રૂ. 200 કરોડના ખર્ચે એક વર્લ્ડ કલાસ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે.

- સમગ્ર વિશ્વમાં હાલ ગ્રીસના એથેન્સ ખાતે 'એક્રોપોલિસ' (Acropolis) નામનું વિશ્વનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ આવેલું છે.
- ગુજરાતના વડનગર ખાતે નિર્માણ પામનાર આ મ્યુઝિયમ એથેન્સના 'એક્રોપોલિસ' (Acropolis) બાદ વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ હશે.

- ગુજરાતના વડનગર ખાતે જમીનથી આશરે 18 થી 20 મીટર નીચે આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે.
- આ <u>અંડરગ્રાઉન્ડ મ્યુઝિયમ</u> <u>7 માળનું</u> હશે.
- તેમાં વડનગરના 2500 વર્ષથી અત્યાર સુધીના ઈતિહાસની ઝાંખી કરાવવામાં આવશે.

**નોંધ :** (1) વડનગરમાં મળી આવેલી <u>પ્રાચીન બૌદ્ધ સાઈટ</u> ખાતે <u>4 એકર</u> જમીનમાં આ મ્યુઝિયમનું નિર્માણ થશે.

(2) વર્ષ 2021થી તેની કામગીરીનો પ્રારંભ થશે.

(3) વડનગર ખાતે નિર્માણ પામનાર આ મ્યુઝિયમ જમીનથી નીચે <u>સાત માળનું</u> હોવાથી તે <u>વિશ્વનું સૌથી મોટું અંડરગ્રાઉન્ડ મ્યુઝિયમ</u> હશે એવું પણ કહેવાય છે.

## તાના-રીરી સંગીત અકાદમી તથા સંગીત યુનિવર્સિટી

વડનગરના પ્રસિદ્ધ ગાયિકા બહેનો <u>તાના-રીરી</u>ની યાદમાં તેમના નામ પરથી <u>વડનગર</u>માં એક <u>સંગીત અકાદમી (Sangeet Academy)</u>નું પણ નિર્માણ કરવામાં આવી રહયું છે.

- આ માટે <u>રૂ. 10 કરોડ</u>નો ખર્ચ થવાનો અંદાજ છે.
- વડનગરમાં આ સંગીત અકાદમીની સાથે સાથે આગામી દિવસોમાં એક <u>સંગીત યુનિવર્સિટી</u>નો પ્રારંભ કરવાનું પણ અયોજન છે.
- આ સંગીત યુનિવર્સિટીમાં માત્ર ભારતીય શાસ્ત્રીય સંગીત જ નહિ પરંતુ <u>વિદેશી કલાસિકલ મ્યુઝિક</u> પણ શીખવવામાં આવશે.
- જેથી વિદેશી વિદ્યાર્થીઓ પણ ભારતમાં સંગીત શીખવા માટે આવશે.

**નોંધ :** (1) એવું કહેવાય છે કે <u>અકબર</u>ના સમયમાં <u>તાનસેને</u> <u>દીપક રાગ</u> ગાયો હતો. આથી તેના આખા શરીરમાં દાહ ઉપડયો હતો.

(2) તાનસેનના આ શરીર દાહને શાંત કરવા <u>તાના અને રીરી</u>એ <u>મેઘ-મલ્હાર રાગ</u> ગાયો હતો અને વરસાદ પડયો. તેનાથી તાનસેનનો શરીર દાહ શાંત થયો હતો.

(3) આ મહાન સંગીતજ્ઞ બહેનોની યાદમાં ગુજરાત સરકાર દ્વારા <u>વડનગર</u> ખાતે દર વર્ષે <u>'તાના-રીરી મહોત્સવ'</u>નું પણ આયોજન કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યોગ સ્કૂલ

ગુજરાતના વડનગર ખાતે એક યોગ સ્કૂલનું નિર્માણ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

- આ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વડનગર ખાતે બાળપણમાં જે સ્કૂલમાં ભણ્યા હતા એ Shri B. N. High School, (શ્રી બી. એન. હાઈસ્કૂલ)ને 'Yoga School' (યોગ સ્કૂલ)માં તબદિલ કરવામાં આવશે.
- આ સ્કૂલમાં યોગાસન ઉપરાંત યોગમાં કારકિર્દીના નિર્માણ માટે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

## ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ

ગુજરાતના વડનગર ખાતે અતિ આધુનિક ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેકસનું કાર્ય પણ હાલ ચાલુ છે.

- જે મે 2021 સુધીમાં પૂરું થવાની સંભાવના છે.
- આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તમામ આધુનિક સ્પોર્ટ્સ સુવિધાથી સજ્જ હશે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડનગરને 'ગુજરાતના લેક સિટી' તરીકે વિકસાવાશે

ભારતમાં હાલ રાજસ્થાનના ઉદયપુરને 'City of Lakes', 'ઝીલોં કી નગરી' અથવા તો 'સરોવરોની નગરી' તરીકે ઓળખવામાં આવે છે.

- એ જ રીતે વડનગરને પણ 'ગુજરાતના લેક સિટી' તરીકે વિકસાવવામાં આવશે.
- વડનગરની ફરતે હાલ નાનાં મોટાં 70થી વધુ તળાવો આવેલા છે.
- આ તમામ તળાવોને ડેવલપ કરીને વડનગરને 'લેક સિટી' તરીકે વિકસાવવામાં આવશે.
- આ અંતર્ગત વડનગરના પ્રસિદ્ધ પ્રાચીન શર્મિષ્ઠા તળાવને પણ ડેવલપ કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) વડનગર પુરાતન નગરી છે. પ્રાચીન સમયમાં ઋષિ યાજ્ઞવલ્કયની ઉત્પત્તિ અહીં થઈ હોવાનું કહેવાય છે. એ સમયે અહીં 300થી વધુ તળાવો તથા સરોવરો હતા.

(2) વડનગરના રેલવે સ્ટેશનને પણ અતિ આધુનિક બનાવવામાં આવી રહયું છે.

(3) વડનગર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે. તે મહેસાણા જિલ્લાનો એક તાલુકો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. 'વિશ્વ પ્રવાસન દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ પ્રવાસન દિન'ની થીમ શું છે ?
   (A) Sustainable Tourism
   (B) Tourism and Human Development
   (C) Tourism and the Digital Transformation
   (D) Tourism and Rural Development **(D)**

3. ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર તહેનાત થનાર પ્રથમ બે મહિલા અધિકારીઓ કોણ છે ?
   (A) સુશ્રી કુમુદિની આચાર્ય અને સુશ્રી રિતિ સિંહ
   (B) સુશ્રી કુમુદિની શર્મા અને સુશ્રી રિતિ સિંહ
   (C) સુશ્રી કુમુદિની ગુપ્તા અને સુશ્રી રિતિ સિંહ
   (D) સુશ્રી કુમુદિની ત્યાગી અને સુશ્રી રિતિ સિંહ **(D)**

4. ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાઈલટ કોણ છે ?
   (A) સુશ્રી કુમુદિની ત્યાગી (B) સુશ્રી શિવાંગી સિંહ
   (C) સુશ્રી સોનાલી નાયર (D) સુશ્રી પ્રિયા ગુપ્તા **(B)**

5. ભારતના કયા શહેરમાં વિશ્વના બીજા નંબરના સૌથી મોટા હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) ગૌતમ બુદ્ધ નગર (B) વારાણસી (C) વડનગર (D) ગાંધીનગર **(C)**

6. વિશ્વના કયા શહેરમાં આવેલા 'એક્રોપોલિસ' નામના મ્યુઝિયમની તર્જ પર વડનગર ખાતે વર્લ્ડ કલાસ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) પેરિસ (B) એથેન્સ (C) મોસ્કો (D) સિડની **(B)**

7. ગુજરાતના વડનગર ખાતે નિર્માણ પામનાર હેરિટેજ મ્યુઝિયમના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચા છે ?
   1. આ મ્યુઝિયમ જમીનની નીચે 7 માળનું હશે.
   2. તેના નિર્માણ પાછળ રૂ. 2000 કરોડનો ખર્ચ થશે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ગુજરાતના વડનગર ખાતે કયા સ્થળે હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ જયાં થયો હતો તે મકાનમાં
   (B) મહાન ગાયિકા તાના–રીરીના નિવાસ સ્થાને
   (C) વડનગરમાં મળી આવેલી પ્રાચીન બૌદ્ધ સાઈટ ખાતે
   (D) વડનગરમાં મળી આવેલી પ્રાચીન જૈન સાઈટ ખાતે (C)

9. ગુજરાતના વડનગરમાં કોના નામ પરથી સંગીત અકાદમી તથા સંગીત યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) હિરાબા
   (C) તાનસેન (D) તાના–રીરી (D)

10. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બાળપણમાં જે સ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે સ્કૂલને કઈ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવશે ?
   (A) સૈનિક સ્કૂલ (B) યોગ સ્કૂલ
   (C) સાયન્સ સ્કૂલ (D) પુરાતત્ત્વ સ્કૂલ (B)

11. ગુજરાતના વડનગર ખાતે આવેલી કઈ સ્કૂલને 'યોગ સ્કૂલ' તરીકે વિકસાવવામાં આવશે ?
   (A) શ્રી બી. એમ. મોદી સ્કૂલ (B) શ્રી બી. એસ. જૈન હાઈસ્કૂલ
   (C) શ્રી બી. એન. હાઈસ્કૂલ (D) શ્રી બી. આર. હાઈસ્કૂલ (C)

12. ગુજરાતના કયા શહેરને 'લેક સિટી' તરીકે વિકસાવવામાં આવશે ?
   (A) વડનગર (B) પોરબંદર (C) અમદાવાદ (D) જામનગર (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**28 SEPTEMBER, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર,
## (1) વિશ્વ હડકવા દિવસ (World Rabies Day)
## (2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for Universal Access to Information)

### વિશ્વ હડકવા દિવસ



સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હડકવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ શ્રી લુઈસ પાશ્ચરે કરી હતી.
- આથી શ્રી લુઈસ પાશ્વરની યાદમાં તેમની મૃત્યુતિથી 28 સપ્ટેમ્બર 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી લુઈસ પાશ્વરનો જન્મ 27 ડિસેમ્બર, 1822ના રોજ ફ્રાન્સમાં થયો હતો. અને ફ્રાન્સમાં જ 28 સપ્ટેમ્બર, 1895ના રોજ તેમનું નિધન થયું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ યુનેસ્કો Netexplo Smart Cities Accelerator Award 2020 અંતર્ગત વિશ્વના 10 શહેરોમાં ભારતમાંથી એકમાત્ર સુરતનો સમાવેશ

UNESCO Netexplo Smart Cities Accelerator અંતર્ગત વિશ્વના 10 શહેરોને વર્ષ 2020માં એવોર્ડ આપવામાં આવ્યા છે.

- વિશ્વના આ 10 શહેરોને Attractivity, Education, Resilience, Finance, Mobility વગેરે જેવી જુદી–જુદી 10 કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયા છે.
- જેમાં 'Resilience' એટલે કે 'સ્થિતિસ્થાપકતા'ની કેટેગરીમાં ગુજરાતના સુરતનો સમાવેશ થાય છે.
- ગુજરાતના સુરતને પર્યાવરણ ક્ષેત્રે સ્થિતિસ્થાપકતા માટે આ એવોર્ડ એનાયત થયો છે.
- આમ, વર્ષ 2020ના આ એવોર્ડ અંતર્ગત પસંદગી પામનાર સુરત ભારતનું એકમાત્ર શહેર છે.

**નોંધ :** (1) UNESCOનું પૂરું નામ United Nations Educational, Scientific and Cultural Organization છે.

(2) UNESCOનું વડુંમથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## ➤ મહિલાઓ સાથે જાતીય અત્યાચાર કરનાર આવારા તત્વોનો સામાજિક બહિષ્કાર કરવા ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 'ઓપરેશન દુરાચારી'ની જાહેરાત

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશમાં 'ઓપરેશન દુરાચારી' (Operation Durachari) નામથી એક અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે.

- મહિલાઓ સાથે જાતીય અત્યાચાર કરનાર આવારા તત્ત્વોને સબક શીખવાડવા માટે તેમજ તેમનો સામાજિક બહિષ્કાર કરવા માટે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવશે.
- આ ઓપરેશન અંતર્ગત ઉત્તરપ્રદેશમાં મહિલાઓની છેડતી કરનાર, મહિલાઓ પર જાતીય અત્યાચાર કરનાર અથવા મહિલાઓ કે છોકરીઓ પર રેપ કરનાર નાલાયક,નરાધમ, લંપટ, લફંગા આવારા તત્ત્વોના પોસ્ટર જાહેર જગ્યાઓ પર લગાવવામાં આવશે.
- સ્કૂલ, કોલેજ, ચાર રસ્તા, માર્કેટ વગેરે જેવા જાહેર સ્થળોએ લાગેલા આ પોસ્ટરો જોઈને આવા અસામાજિક તત્ત્વોની ઓળખ જાહેર થશે અને લોકો દ્વારા તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે.

**નોંધ :** (1) ઉત્તરપ્રદેશમાં તાજેતરમાં વધી રહેલા મહિલા પરના અત્યાચારોને કારણે ઉત્તરપ્રદેશ સરકારે આ નિર્ણય કર્યો છે.

(2) ઉત્તરપ્રદેશમાં મહિલાઓ પર થતાં અત્યાચારો રોકવા માટે આ અગાઉ વર્ષ 2017માં 'એન્ટી રોમિયો સ્ક્વોડ'ની પણ રચના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ કોરોનાકાળમાં સમગ્ર ભારતમાં સૌપ્રથમ બિહારમાં વિધાનસભા ચૂંટણીનું આયોજન

**25 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના ચૂંટણી પંચે ભારતના બિહારમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે.**

- **આ સાથે જ કોરોના કાળમાં કોઈ સમગ્ર રાજ્યમાં વિધાનસભા ચૂંટણીનું આયોજન થયું હોય એવું બિહાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.**
- બિહારમાં **28 ઓક્ટોબર 2020**થી **ત્રણ તબક્કા**માં મતદાન થશે.
- આ ત્રણ તબક્કાના મતદાન બાદ **10 નવેમ્બર, 2020**ના રોજ મતગણતરી થશે અને પરિણામ જાહેર થશે.
- બિહાર વિધાનસભામાં **243 બેઠકો** આવેલી છે.
- બિહારમાં આ તમામ **243 બેઠકો** પર ચૂંટણી યોજાશે.
- બિહારના વર્તમાન મુખ્યમંત્રી **શ્રી નીતિશ કુમાર** છે.
- શ્રી નીતિશ કુમારના પક્ષનું નામ **જનતા દળ (United)** છે. તેને **JDU** તરીકે પણ ઓળખવામાં આવે છે.

**બિહારમાં વિધાનસભા બેઠકો**

| ક્રમ | રાજ્ય | બેઠક | વર્તમાન મુખ્યમંત્રી | પક્ષ |
|---|---|---|---|---|
| 1 | બિહાર | 243 | શ્રી નીતિશકુમાર | જનતા દળ (યુનાઈટેડ) |

### કોરોના કાળમાં ચૂંટણીના આયોજન અંગે નવી ગાઈડલાઈન

કોરોના મહામારી દરમિયાન ભારતમાં **સામાન્ય અને પેટા ચૂંટણીઓનું** આયોજન થઈ શકે તે માટે ભારતના **ચૂંટણી પંચે** નવી ગાઈડલાઈન પ્રસિદ્ધ કરી છે.

- આ ગાઈડલાઈનની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) ઉમેદવારોએ ઉમેદવારી પત્ર **ઓનલાઈન** ભરવાના રહેશે.

(2) ચૂંટણીલક્ષી તમામ પ્રવૃત્તિઓ દરમિયાન **ફેસમાસ્ક** ફરજિયાત રહેશે.

(3) નીચેના મતદારોને **પોસ્ટલ બેલેટ**ની સુવિધા આપવામાં આવશે :

  (i) દિવ્યાંગ મતદારો

  (ii) 80 વર્ષથી વધુ વયના મતદારો

  (iii) કોરોના વાઈરસથી સંક્રમિત મતદારો અને

  (iv) આવશ્યક સેવા સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓ

(4) ડોર ટુ ડોર પ્રચાર માટે **ઉમેદવાર સહિત 5 વ્યક્તિ**ને જ પરવાનગી મળશે.

(5) સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સાવચેતીનાં પગલાં અને વ્યવસ્થાઓ માટે **દરેક રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મત વિસ્તાર** માટે **નોડલ હેલ્થ અધિકારી**ની નિમણૂક કરવાની રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(6) મતદાન મથક ખાતે <u>1000 મતદારો</u> જ બોલાવવામાં આવે.

(7) EVM અને VVPAT મશીનો બને ત્યાં સુધી <u>વિશાળ હોલ</u>માં ગોઠવવામાં આવે.

(8) મતદાન મથકને <u>એક દિવસ પહેલાં સેનેટાઈઝ</u> કરવામાં આવે.

(9) દરેક મતદાન મથક પર <u>થર્મલ સ્કેનર</u> દ્વારા દરેક મતદારનું ચેકિંગ કરાય.

(10) મતદારનું તાપમાન ઊંચું આવે તો તેને <u>મતદાનના અંતિમ કલાક</u>માં મતદાન માટે બોલાવવામાં આવે.

(11) મતદારોને રજિસ્ટરમાં હસ્તાક્ષર કરવા અને EVMમાં મત આપવા માટે <u>હેન્ડ ગ્લોવ્ઝ</u> આપવા.

(12) EVM-VVPAT સંભાળતા દરેક અધિકારી માટે <u>હેન્ડ ગ્લોવ્ઝ</u> ફરજિયાત.

(13) મતદાન મથકોએ સેનિટાઈઝર, સાબુ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવે.

## કેન્દ્રીય ચૂંટણી પંચ

- રાજ્ય વિધાનસભાની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ-324(1) અનુસાર સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- તેથી વર્ષ 2011 થી 25 જાન્યુઆરી <u>રાષ્ટ્રીય મતદાતા દિન</u> તરીકે ઉજવાય છે.
- બંધારણના અનુચ્છેદ-324(2) મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનર હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના મુખ્ય તથા અન્ય ચૂંટણી કમિશનર

- ભારતના <u>પ્રથમ</u> મુખ્ય <u>ચૂંટણી કમિશનર</u>નું નામ <u>શ્રી સુકુમાર સેન</u> છે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ <u>શ્રીમતી વી. એસ. રમાદેવી</u> (કાર્યકારી) છે.
- ભારતના વર્તમાન (28 સપ્ટેમ્બર, 2020ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)

  (2) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)

  (3) શ્રી રાજીવ કુમાર (ચૂંટણી કમિશનર)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામું

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ **6 વર્ષ અને 65 વર્ષની ઉંમર** એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

## ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ જેટલું જ એટલે કે પ્રતિ માસ **રૂ. 2,50,000** વેતન આપવામાં આવે છે.

**નોંધ :**(1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણી પંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચૂંટણી પ્રક્રિયા

- સંસદના સાંસદો અને વિધાનમંડળના ધારાસભ્યોની ચૂંટણી પ્રક્રિયા સંસદ નક્કી કરે છે. સંસદ દ્વારા **1950**માં **લોકપ્રતિનિધિત્વ ધારો-1951** ઘડવામાં આવ્યો અને તેમાં ચૂંટણી પ્રક્રિયા નક્કી કરવામાં આવી. ચૂંટણી પંચ તેના આધારે ચૂંટણી પ્રક્રિયા નક્કી કરે છે.
- ચૂંટણીપંચ સંસદ અથવા રાજ્ય વિધાન મંડળની સરકારોની સહમતિથી ચૂંટણી કાર્યક્રમ નક્કી કરે છે.
- ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના આદેશ મુજબ ચૂંટણી કાર્યક્રમોની જાહેરાત **જાહેરનામા** દ્વારા કરે છે.
- ચૂંટણી લડવા માટે ઉમેદવારોને ફોર્મ ભરવા **8 દિવસ**નો સમય આપવામાં આવે છે.
- ફોર્મ ભરવાની તારીખ પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારના ફોર્મની ચકાસણી કરે છે. જેમાં કોઈ ભૂલ અથવા અપૂર્ણ માહિતી બદલ જે તે ઉમેદવારનું ફોર્મ રદ કરી શકે છે. ત્યારબાદ ઉમેદવારોને પોતાનું ફોર્મ પરત ખેંચવા માટે **2 દિવસ**નો સમય આપવામાં આવે છે. પછી ચૂંટણી અધિકારી યોગ્ય ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરે છે તથા અપક્ષ ઉમેદવારો અને રાજકીય પક્ષોને ચૂંટણી નિશાનની ફાળવણી કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ચૂંટણી અંગેના મહત્ત્વના અનુચ્છેદ

**અનુચ્છેદ 243(ક)** (પંચાયતોની ચૂંટણીઓ)

પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન કરવાનું કાર્ય રાજ્યપાલે નીમેલા રાજ્ય ચૂંટણી કમિશનર કરે છે.

**અનુચ્છેદ 324** ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ચૂંટણી આયોગ.

**અનુચ્છેદ 325** કોઈ વ્યક્તિ ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણસર મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા ગેરલાયક બનશે નહીં, અથવા તે કારણસર ખાસ મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા હક્ક દાવો કરશે નહીં.

**અનુચ્છેદ 326** લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત વય મતાધિકારના ધોરણે થશે.

ભારતનો નાગરિક હોય તથા ઓછામાં ઓછી 18 વર્ષની ઉંમરની વ્યક્તિ મતદાન કરી શકે.

**નોંધ :** (1) 1974માં રચાયેલી તારકુંડે સમિતિએ મતદારની ઉંમર 21થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી.

(2) ભારતમાં 61મા બંધારણીય સુધારા 1989 અંતર્ગત મતદાન માટેની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવામાં આવી છે.

**અનુચ્છેદ 327 :** વિધાનમંડળોની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની સંસદની સત્તા.

**અનુચ્છેદ 328 :** રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની વિધાનમંડળની સત્તા.

**અનુચ્છેદ 329 :** ચૂંટણી બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો .

**નોંધ :** ભારતીય બંધારણના ભાગ 15માં અનુચ્છેદ 324થી 329 સુધી ચૂંટણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. 'વિશ્વ હડકવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર
   (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

2. કોની મૃત્યુતિથી 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) શ્રી આલ્બર્ટ જોન્સ (B) શ્રી થોમસ માર્લો
   (C) શ્રી લુઈસ પાશ્ચર (D) શ્રી આલ્બર્ટ મરે **(C)**

3. 'માહિતીની સાર્વત્રિક પહોંચ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર
   (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

4. મહિલાઓ સાથે જાતીય અત્યાચાર કરનાર આવારા તત્ત્વોને સબક શીખવાડવા ભારતના કયા રાજ્યમાં 'ઓપરેશન દુરાચારી' શરૂ કરવામાં આવશે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન **(A)**

5. કોરોના કાળ દરમિયાન ભારતમાં સૌપ્રથમ વખત કયા રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું આયોજન કરવામાં આવ્યું છે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મણિપુર (D) પશ્ચિમ બંગાળ **(B)**

6. બિહારમાં કેટલી વિધાનસભા બેઠકો આવેલી છે ?
   (A) 241 (B) 242 (C) 243 (D) 247 **(C)**

7. બિહારમાં કેટલા તબક્કામાં વિધાનસભા ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે ? અથવા તો બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કેટલા તબક્કામાં મતદાન થશે ?
   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(C)**

8. કોરોના મહામારી દરમિયાન ભારતમાં યોજાનાર ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર નીચેનામાંથી કોને પોસ્ટલ બેલેટની સુવિધા આપવામાં આવશે ?
   (A) કોરોના વાઈરસથી સંક્રમિત મતદારો (B) દિવ્યાંગ મતદારો
   (C) 80 વર્ષથી વધુ વયના મતદારો (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. કોરોના મહામારી દરમિયાન ભારતમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સાવચેતીના પગલાં અને વ્યવસ્થાઓ માટે દરેક રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર માટે નવી ગાઈડલાઈન અનુસાર કયા નોડલ અધિકારીની નિમણૂક કરવાની રહેશે ?
   (A) નોડલ ચૂંટણી નિરીક્ષક (B) નોડલ ચૂંટણી અધિકારી
   (C) નોડલ હેલ્થ અધિકારી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** કોરોના મહામારી દરમિયાન ભારતમાં યોજાનાર ચૂંટણીમાં ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર મતદાન મથક ખાતે વધુમાં વધુ કેટલા મતદારોને બોલાવી શકાશે ?

(A) 1000 (B) 1500 (C) 2000 (D) 3000 **(A)**

**11.** કોરોના મહામારી દરમિયાન ભારતમાં યોજાનાર ચૂંટણી અંગે ચૂંટણી પંચે જાહેર કરેલી નવી ગાઈડલાઈનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ડોર ટુ ડોર પ્રચાર માટે ઉમેદવાર સહિત 5 વ્યક્તિને જ પરવાનગી મળશે.
2. દરેક મતદાન મથક પર થર્મલ સ્કેનર દ્વારા દરેક મતદારોનું ચેકિંગ થશે.
3. ઊંચું તાપમાન ધરાવતા મતદારો મત આપી શકશે નહિ.
4. રજિસ્ટરમાં હસ્તાક્ષર કરવા અને EVMમાં મત આપવા માટે મતદારોને હેન્ડ ગ્લોવ્ઝ આપવાના રહેશે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 4 **(C)**



**29 SEPTEMBER, 2020 TUESDAY**

➤ **દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, (1) વિશ્વ હૃદય દિવસ (World Heart Day)**
**(2) આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ (International Day of Awareness on Food Loss and Waste Reduction)**

## વિશ્વ હૃદય દિવસ

સમગ્ર વિશ્વમાં <u>હૃદય</u> સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે <u>29 સપ્ટેમ્બર</u>ના રોજ <u>'વિશ્વ હૃદય દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ <u>2020</u>ની 'વિશ્વ હૃદય દિવસ'ની થીમ <u>'Use Heart to Beat CVD'</u> છે.

## આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ

<u>29 સપ્ટેમ્બર 2020</u>ના રોજ સમગ્ર વિશ્વમાં <u>પ્રથમ વખત</u> <u>'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવી છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખાદ્ય અન્નનો બગાડ અટકાવવાનો અને તેના દ્વારા તેનો કચરો ઓછો કરવાનો છે.
- આથી, સમગ્ર વિશ્વમાં ખોરાકનો બગાડ અટકાવવા જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- <u>સપ્ટેમ્બર 2019</u> દરમિયાન મળેલી યુનાઈટેડ નેશન્સની <u>74મી જનરલ એસેમ્બ્લી</u>માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ <u>2020</u>માં <u>પ્રથમ</u> <u>'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ <u>2020</u>ની આ દિવસની થીમ <u>'Stop Food Loss and Waste. For the People. For the Planet.' (ખોરાકની ખોટ અને બગાડ અટકાવો. લોકો માટે. ગ્રહ માટે)</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શ્રી ગુરપ્રીત સિંહ સંધુ AIFF Player of the Year એવોર્ડ વિજેતા બીજા ગોલકીપર બન્યા

All India Football Federation (AIFF) દ્વારા તાજેતરમાં વર્ષ 2019-20ના Player of the year એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત શ્રી ગુરપ્રીત સિંહ સંધુને Men's Player of Year 2019-20 એવોર્ડ એનાયત થયો છે.
- આ સાથે જ શ્રી ગુરપ્રીત સિંહ સંધુ આ એવોર્ડ વિજેતા ભારતના બીજા ગોલકીપર બની ગયા છે.
- આ અગાઉ શ્રી સુબ્રતા પાલ નામના ગોલકીપરે વર્ષ 2009માં પ્રથમ વખત આ એવોર્ડ જીત્યો હતો.
- જ્યારે વર્ષ 2019-20ના Women's Player of the Year એવોર્ડ માટે સુશ્રી સંજુ યાદવની પસંદગી કરવામાં આવી છે.
- આ ઉપરાંત વર્ષ 2019-20ના Emerging Player of the Year માટે મહિલાઓમાંથી સુશ્રી રત્નબાલા દેવી અને પુરુષોમાંથી શ્રી અનિરુદ્ધ થાપાની પસંદગી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**AIFF Player of the Year 2019-20 વિજેતા ખેલાડીઓ**

| ક્રમ | એવોર્ડનું નામ | વિજેતા | રાજ્ય |
|---|---|---|---|
| 1 | Men's Player of the Year | શ્રી ગુરપ્રીત સિંહ | પંજાબ |
| 2 | Women's Player of the Year | સુશ્રી સંજુ યાદવ | હરિયાણા |
| 3 | Emerging Player of the Year : Women | સુશ્રી રત્નબાલા દેવી | મણિપુર |
| 4 | Emerging Players of the Year : Men | શ્રી અનિરુદ્ધ થાપા | ઉત્તરાખંડ |

**નોંધ :** (1) ભારતમાં AIFF દ્વારા 1992થી Men's Player of the Year એવોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વર્ષ 1992માં સૌપ્રથમ શ્રી આઈ. એમ. વિજયનને આ એવોર્ડ એનાયત થયો હતો.


(2) જ્યારે AIFF દ્વારા વર્ષ 2001થી Women's Player of the Yearનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વર્ષ 2001માં સૌપ્રથમ સુશ્રી બેમ્બેમ દેવીને આ એવોર્ડ એનાયત થયો હતો.

(3) અત્યાર સુધીમાં સૌથી વધુ શ્રી સુનિલ છેત્રીએ આ એવોર્ડ 6 વખત જીત્યો છે. જ્યારે મહિલાઓમાં સુશ્રી બેમ્બેમ દેવી તથા સુશ્રી બાલા દેવીએ સૌથી વધુ 2-2 વખત આ એવોર્ડ જીત્યો છે.

## ➤ ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંત સિંહનું નિધન

ભારતીય સેનાના નિવૃત્ત અધિકારી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંત સિંહનું 27 સપ્ટેમ્બર, 2020ના રોજ નવી દિલ્હી ખાતે 82 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 3 જાન્યુઆરી 1938ના રોજ રાજસ્થાનના બાડમેર જિલ્લાના જાસોલ ગામમાં થયો હતો.
- તેઓ ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સભ્યોમાંના એક હતા.
- તેઓ ભારતમાં સૌથી લાંબી સેવા આપનારા સાંસદ પૈકીના એક હતા.
- 1980થી 2014 દરમિયાન તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે 5 વખત અને લોકસભાના સભ્ય તરીકે 4 વખત ચૂંટાયા હતા.
- તેઓ સૌપ્રથમ 1980માં રાજ્યસભાના સભ્ય બન્યા હતા.
- તેમણે શ્રી અટલ બિહારી વાજપેયીજીની સરકારમાં કેબિનેટ કક્ષાના નીચેના મંત્રી પદે કામગીરી નિભાવી હતી :



(1) નાણાંમંત્રી
(2) વિદેશમંત્રી
(3) ઈલેક્ટ્રોનિક્સ મંત્રી
(4) સરફેસ ટ્રાન્સપોર્ટ મંત્રી
(5) સંરક્ષણ મંત્રી
(6) નાણાં અને કંપની બાબતોના મંત્રી

- ભારતમાં વર્ષ 2012માં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં તેઓ NDA તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પણ હતા.
- તેઓ 1998-99 દરમિયાન પ્લાનિંગ કમિશનના ઉપાધ્યક્ષ પણ રહયા હતા.
- વર્ષ 2004થી 2009 દરમિયાન તેઓ રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા પણ રહયા હતા.

**નોંધ :** શ્રી જસવંત સિંહ જ્યારે ભારતના વિદેશ મંત્રી હતા. ત્યારે 1998-99માં કંદહાર વિમાન હાઈજેકની ઘટના ઘટી હતી. ત્યારે શ્રી જસવંત સિંહ ભારતે પકડેલા ત્રણ આતંકીઓને કંદહાર છોડવા માટે ગયા હતા અને તેના બદલામાં વિમાનમાં સવાર યાત્રીકોને સલામત પરત લાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ હૃદય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર | (C) |
| 2. | વર્ષ 2020માં કેટલામા 'ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) પાંચમા | (A) |
| 3. | વર્ષ 2020માં કયા દિવસે પ્રથમ 'ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર | (C) |
| 4. | ભારતમાં AIFF દ્વારા એનાયત થતા ફૂટબોલ ક્ષેત્રના 'મેન્સ પ્લેયર ઓફ ધ યર 2019-20' એવોર્ડ માટે કોની પસંદગી કરવામાં આવી છે ?<br>(A) શ્રી અનિરુદ્ધ થાપા (B) શ્રી સુબ્રતા પાલ<br>(C) શ્રી આઈ. એમ. વિજયન (D) શ્રી ગુરપ્રીત સિંહ સંધુ | (D) |
| 5. | ભારતમાં વર્ષ 2019-20નો 'વિમેન્સ પ્લેયર ઓફ ધ યર' એવોર્ડ કોને એનાયત થયો છે ?<br>(A) સુશ્રી બેમ્બેમ દેવી (B) સુશ્રી બાલા દેવી<br>(C) સુશ્રી સંજુ યાદવ (D) સુશ્રી રત્નમાલા દેવી | (C) |
| 6. | સુશ્રી સંજુ યાદવ ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી છે ?<br>(A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) મણિપુર | (A) |
| 7. | શ્રી અનિરુદ્ધ થાપા કઈ રમત સાથે સંકળાયેલા છે ?<br>(A) હોકી (B) ટેનિસ (C) ફૂટબોલ (D) શૂટિંગ | (C) |
| 8. | સુશ્રી રત્નબાલા દેવી કઈ રમત સાથે સંકળાયેલા છે ?<br>(A) રેસલિંગ (B) ફૂટબોલ (C) ક્રિકેટ (D) તિરંદાજી | (B) |
| 9. | ભારતના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંત સિંહનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?<br>(A) દિલ્હી (B) રાજસ્થાન (C) હરિયાણા (D) પંજાબ | (B) |
| 10. | ભારતના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંત સિંહનું નિધન થયું છે...તેમણે નીચેનામાંથી ભારત સરકારમાં કયા મંત્રાલયનો હવાલો સંભાળ્યો ન હતો ?<br>(A) નાણાં (B) પ્રવાસન (C) વિદેશ (D) સંરક્ષણ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**30 SEPTEMBER, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (International Translation Day)

## ➤ ગુજરાત કેડરના IAS અધિકારી શ્રી પી. ડી. વાઘેલાની ટ્રાઈ (TRAI) ના નવા ચેરમેન તરીકે નિમણૂક

ભારતમાં Telecom Regulatory Authority of India (TRAI) ના નવા ચેરમેન તરીકે **શ્રી પી. ડી. વાઘેલા**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી પી. ડી. વાઘેલા 1986ની બેચના ગુજરાત કેડરના IAS અધિકારી છે.
- ટ્રાઈના ચેરમેન તરીકે નિમણૂક અગાઉ તેઓ ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા.
- શ્રી પી. ડી. વાઘેલાએ ટ્રાઈના નવા ચેરમેન તરીકે 30 સપ્ટેમ્બર, 2020ના રોજ નિવૃત્ત થયેલા **શ્રી આર. એસ. શર્મા**નું સ્થાન લીધું છે.
- ટ્રાઈના નવા ચેરમેન તરીકે શ્રી પી. ડી. વાઘેલાની 3 વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.

**નોંધ :** (1) ભારતમાં ટેલિકોમ ક્ષેત્રનું નિયમન TRAI દ્વારા કરવામાં આવે છે.
(2) TRAIની સ્થાપના 20 ફેબ્રુઆરી 1997ના રોજ થઈ હતી.
(3) તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.



Telecom Regulatory Authority of India
TRAI

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Thank You VIRAAT : વિશ્વના સૌથી જૂના વિમાનવાહક જહાજ INS વિરાટને અંતિમ વિદાય

18 સપ્ટેમ્બર, 2020ના રોજ ગુજરાતમાં ભાવનગર જિલ્લાના અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે ભારતીય નેવીની શાન 'INS વિરાટ'ને અંતિમ વિદાય આપવા 'Thank You VIRAAT' નામથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કાર્યક્રમમાં INS વિરાટને આન બાન શાન સાથે આખરી સલામી આપી કેન્દ્રીય રાજ્ય શિપિંગ મંત્રી શ્રી મનસુખ માંડવિયા દ્વારા તેને વિદાય આપવામાં આવી હતી.
- આ અગાઉ થયેલી એક ઓનલાઈન હરાજીમાં અલંગ સ્થિત શ્રી રામ ગ્રૂપ દ્વારા રૂ. 38.54 કરોડમાં INS વિરાટને ભાંગવા માટે ખરીદવામાં આવ્યું હતું.
- આથી, તાજેતરમાં મુંબઈથી અલંગ ખાતે INS વિરાટ વિસર્જન માટે આવી પહોંચ્યું હતું.

**નોંધ :** (1) શ્રી રામ ગ્રૂપના શ્રી મુકેશ પટેલના જણાવ્યા અનુસાર INS વિરાટને ખરીદવા માટે મુંબઈની 'એન્વીટેક મરિન' નામની કંપનીએ તેમનો સંપર્ક કર્યો હતો.

(2) 'એન્વીટેક મરીન કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની દ્વારા INS વિરાટને મ્યુઝિયમમાં ફેરવવાની યોજના હતી. જોકે, 30 સપ્ટેમ્બર 2020 સુધીમાં આ અંગે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી.

(3) આથી, 'INS વિરાટ'ને અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના પ્લોટ નંબર 9, શ્રી રામ વેસલ સ્ક્રેપ ખાતે ભાંગવામાં આવશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### INS વિરાટ

INS વિરાટ એ એક વિમાન વાહન જહાજ (Aircraft Carrier) છે.

- INS વિરાટ એ 'સેન્ટોર' (Centaur) ક્લાસનું વિમાન વાહક જહાજ છે.
- તે INS વિક્રાંત બાદ ભારતીય નૌસેનામાં સામેલ થયેલું બીજું વિમાન વાહક જહાજ હતું.
- તેણે ભારતીય નૌસેનામાં INS વિક્રાંતનું સ્થાન લીધું હતું.
- એક સમયે તે ભારતીય નૌસેનાનું Flagship જહાજ હતું.
- જોકે, 2013માં ભારતીય નૌસેનામાં સામેલ થયા બાદ INS વિક્રમાદિત્યએ INS વિરાટનું એ સ્થાન લઈ લીધું હતું.
- INS વિક્રમાદિત્ય એ ભારતનું ત્રીજું વિમાન વાહક જહાજ છે.

## ભારતના વિમાન વાહક જહાજ (Aircraft Carrier)

| ક્રમ | જહાજનું નામ | કયા દેશ પાસેથી ખરીદ્યું ? |
|---|---|---|
| 1 | INS વિક્રાંત | બ્રિટન |
| 2 | INS વિરાટ | બ્રિટન |
| 3 | INS વિક્રમાદિત્ય | રશિયા |

**નોંધ :** (1) ભારતમાં હાલ INS Vikrant (વિક્રાંત) નામના એક વિમાન વાહક જહાજનું નિર્માણ કાર્ય ચાલુ છે.

(2) INS વિક્રાંત ભારતનું પ્રથમ સ્વદેશી વિમાન વાહક જહાજ હશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS વિરાટનો ઈતિહાસ

INS વિરાટ એ મૂળ બ્રિટનનું વિમાન વાહક જહાજ છે.

- તેને 1959માં બ્રિટનની Royal Navyમાં સામેલ કરવામાં આવ્યું હતું.
- એ સમયે તે 'HMS Hermes' (એચએમએસ હર્મેસ) તરીકે ઓળખાતું હતું.
- 1984માં તેને બ્રિટન દ્વારા સેવાનિવૃત્ત કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 1986-87માં ભારતે બ્રિટન પાસેથી આ જહાજ ખરીદી લીધું હતું.
- અને તેને અપગ્રેડ કરીને 12 મે 1987ના રોજ ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ તેણે ભારતીય નેવીમાં 30 વર્ષ સુધી સેવા આપી હતી.
- 23 જુલાઈ 2016ના રોજ INS વિરાટની મુંબઈથી કોચિ વચ્ચેની અંતિમ સફર બાદ તેને સેવા નિવૃત્ત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- અને 6 માર્ચ 2017ના રોજ તેને ભારતીય નૌસેનામાંથી સેવા નિવૃત્ત કરવામાં આવ્યું હતું.
- અંતે, 28 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના અલંગ ખાતે તેના વિસર્જન અગાઉ તેને અંતિમ વિદાય આપવા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## INS વિરાટની વિશેષતા

**INS વિરાટની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :**

(1) તે સમગ્ર વિશ્વનું **સૌથી જૂનું વિમાન વાહક જહાજ** છે.

(2) તે વિશ્વનું એકમાત્ર એવું જહાજ છે, જે વૃદ્ધ થયા બાદ પણ ઉપયોગમાં લેવામાં આવતું હતું. અને તેમ છતાં સારી કન્ડીશનમાં હતું.

(3) તેણે **બ્રિટન અને ભારત**ની નૌસેનામાં **55 વર્ષથી વધુ સમય** સુધી સેવા આપીને **ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ**માં નામ નોંધાવ્યું હતું. તે ઈતિહાસમાં **સૌથી વધુ સમય સેવા આપનાર** જહાજ છે.

(4) **બે રાષ્ટ્રો**ની સેવા કરનાર કોઈ યુદ્ધ જહાજ **અલંગ**માં ભંગાણ માટે આવ્યું હોય એવી આ **પ્રથમ** ઘટના છે.

(5) તે **અલંગ** ખાતે ભંગાણ માટે આવનાર **ભારતીય નૌસેનાનું** અત્યાર સુધીનું **સૌથી મોટું** જહાજ છે.

**નોંધ :** (1) INS વિરાટનું Nickname (હુલામણું નામ) 'Grand Old Lady' (ગ્રાન્ડ ઓલ્ડ લેડી) હતું.

(2) તેનો Motto (આદર્શ વાક્ય) 'જલમેવ યસ્ય, બલમેવ તસ્ય' હતું. જેનો અર્થ થાય છે –

**'જેનો સમુદ્ર પર કબજો છે,**
**તે જ સૌથી વધુ બળવાન છે.'**

(3) INS વિરાટમાં INSનું પૂરું નામ Indian Naval Ship અથવા તો Indian Navy Ship છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 28 સપ્ટેમ્બર (B) 29 સપ્ટેમ્બર (C) 30 સપ્ટેમ્બર (D) 1 ઓક્ટોબર | (C) |
| 2. | ટ્રાઈ (TRAI)ના અથવા તો 'ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા'ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી બી. ડી. વાઘેલા (B) શ્રી પી. ડી. વાઘેલા<br>(C) શ્રી વી. ડી. વાઘેલા (D) શ્રી સી. ડી. વાઘેલા | (B) |
| 3. | ટ્રાઈના નવા ચેરમેન તરીકે શ્રી પી. ડી. વાઘેલાની નિમણૂક કરવામાં આવી છે...<br>શ્રી પી. ડી. વાઘેલા કઈ કેડરના 1986ની બેચના IAS ઓફિસર છે ?<br>(A) ગુજરાત (B) બિહાર (C) આસામ (D) મહારાષ્ટ્ર | (A) |
| 4. | ગુજરાત કેડરના IAS ઓફિસર શ્રી પી. ડી. વાઘેલાની કોના સ્થાને ટ્રાઈના નવા ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી બી. ડી. પટેલ (B) શ્રી આર. ડી. ગોહિલ<br>(C) શ્રી એસ. કે. જોશી (D) શ્રી આર. એસ. શર્મા | (D) |
| 5. | 28 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના અલંગ ખાતે ભારતીય નૌસેનાના કયા જહાજને અંતિમ વિદાય આપવા માટે એક કાર્યક્રમનું આયોજન થયું હતું ?<br>(A) INS વિરાજ (B) INS વિક્રાંત<br>(C) INS વિક્રમાદિત્ય (D) INS વિરાટ | (D) |
| 6. | 28 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના અલંગ ખાતે ભારતીય નૌસેનાના INS વિરાટને અંતિમ વિદાય આપવા માટે કયા નામથી એક કાર્યક્રમનું આયોજન થયું હતું ?<br>(A) અલવિદા વિરાટ (B) બાય બાય વિરાટ (C) થેન્ક યુ વિરાટ (D) નમસ્તે વિરાટ | (C) |
| 7. | 28 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના અલંગ ખાતે ભારતીય નૌસેનાના INS વિરાટને અંતિમ વિદાય આપવા માટે કોની ઉપસ્થિતિમાં 'થેન્ક યુ વિરાટ' નામના એક કાર્યક્રમનું આયોજન થયું હતું ?<br>(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી રાજનાથ સિંહ<br>(C) શ્રી આચાર્ય દેવવ્રત (D) શ્રી મનસુખ માંડવિયા | (D) |
| 8. | અલંગના કયા ગ્રૂપ દ્વારા INS વિરાટને રૂ. 38.54 કરોડમાં ખરીદવામાં આવ્યું હતું ?<br>(A) મફતલાલ ગ્રૂપ (B) શ્રી રામ ગ્રૂપ (C) જૈન ગ્રૂપ (D) ઈન્ટેન્ટ ગ્રૂપ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'INS વિરાટ' કયા પ્રકારનું જહાજ છે ?
(A) વિનાશક યુદ્ધ જહાજ (B) સબમરીન
(C) વિમાન વાહક જહાજ (D) ન્યુક્લીયર સબમરીન **(C)**

10. INS વિરાટ કયા ક્લાસનું અથવા તો કઈ શ્રેણીનું વિમાન વાહક જહાજ છે ?
(A) અરિહંત (B) ચક્ર (C) ઓસ્ટિન (D) સેન્ટોર **(D)**

11. INS વિરાટ એ મૂળ કયા દેશનું વિમાન વાહક જહાજ છે ?
(A) બ્રિટન (B) રશિયા (C) ફ્રાન્સ (D) અમેરિકા **(A)**

12. INS વિરાટ જ્યારે બ્રિટનની રોયલ નેવીમાં કાર્યરત હતું ત્યારે તે કયા નામે ઓળખાતું હતું ?
(A) RHS Hermes (B) HMS Hermes
(C) SMH Hermes (D) MSH Hermes **(B)**

13. INS વિરાટના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેને 12 મે 1987ના રોજ ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું.
2. તેને 28 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતીય નૌસેનામાંથી સેવાનિવૃત્ત કરવામાં આવ્યું હતું.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

14. INS વિરાટને ભારતીય નૌસેનામાંથી કયારે સેવાનિવૃત્ત કરવામાં આવ્યું હતું ?
(A) 6 માર્ચ 2015 (B) 6 માર્ચ 2016
(C) 6 માર્ચ 2017 (D) 6 માર્ચ 2018 **(C)**

15. INS વિરાટના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે વિશ્વનું સૌથી જૂનું અને સૌથી વધુ સમય સેવા આપનાર વિમાન વાહક જહાજ છે.
2. તેને 'ગ્રાન્ડ ઓલ્ડ લેડી' તરીકે પણ ઓળખવામાં આવતું હતું.
3. 1967ના ભારત–ચીન યુદ્ધમાં તેની મહત્ત્વની ભૂમિકા હતી.
4. તેનું આદર્શ વાકય 'જલમેવ યસ્ય, બલમેવ તસ્ય' છે.
Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**01 OCTOBER, 2020 THURSDAY**

➤ **દિવસ મહિમા : 1 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ અથવા વિશ્વ પ્રૌઢ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ (International Day Of Older Persons)**
**(2) વિશ્વ શાકાહાર દિન (World Vegetarian Day)**

➤ **ભારત દ્વારા વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ 'બ્રહ્મોસ' નું સફળ પરીક્ષણ**

30 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતે **'બ્રહ્મોસ'** મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ છે.

- **'બ્રહ્મોસ'** એ વિશ્વની સૌથી ઝડપી **સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારતે આ મિસાઈલનું ક્યાંથી પરીક્ષણ કર્યું હતું ?**

ભારતે **ઓડિશા**ના **બાલાસોર** જિલ્લાના **ચાંદીપુર** ખાતે આવેલ **Integrated Test Range (ITR)** પરથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું.

- જેમાં આ મિસાઈલ **જમીન** પરથી લોન્ચ કરવામાં આવી હતી.

**નોંધ :** (1) આ અગાઉ પણ ભારત દ્વારા બ્રહ્મોસ મિસાઈલના અનેક પરીક્ષણો કરવામાં આવ્યા છે. જેમાં તેનું **પ્રથમ** સફળ પરીક્ષણ **12 જૂન, 2001**ના રોજ કરવામાં આવ્યું હતું.
(2) તેને **નવેમ્બર 2006**થી ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી છે.

**બ્રહ્મોસ મિસાઈલની ગતિ અને પ્રહાર ક્ષમતા**

બ્રહ્મોસ એ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેની ગતિ **2.8 થી 3.0 મેક (Mach)** જેટલી છે. અને તેની પ્રહાર ક્ષમતા(રેન્જ) **290થી 300** કિમી (જે વધારીને **450** કિમી કરવામાં આવી) છે. અને તેની વહન ક્ષમતા 300 કિલોગ્રામ છે.

## બ્રહ્મોસ નામ કેવી રીતે પડયું ?

- બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## કઈ કંપની દ્વારા તેનું નિર્માણ થયું છે ?

- બ્રહ્મોસનું નિર્માણ 'બ્રહ્મોસ એરોસ્પેસ લિમિટેડ' નામની કંપની દ્વારા કરવામાં આવેલ છે. આ કંપની ભારતના DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) અને રશિયાની એનપીઓ મશીનો સ્ટ્રોયેનિયાનું સંયુક્ત સાહસ છે.
- રશિયાની P-800 ઓનીયસ ક્રૂઝ મિસાઈલની ટેક્નોલોજીને આધારે તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## બ્રહ્મમોસ કયા પ્રકારની મિસાઈલ છે ?

- બ્રહ્મોસ રેમજેટ એન્જિન ધરાવતી મધ્યમ અંતરની સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.
- બ્રહ્મોસ ભારત અને રશિયા દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે. તેને ભારતને મિસાઈલ ટેક્નોલોજીમાં અગ્રણી દેશ બનાવી દીધો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રહ્મોસને મેનુવરેબલ મિસાઈલ શા માટે કહે છે ?

- મેનુવરેબલ ટેક્નિક એ એવી ટેક્નિક છે કે જેનાથી છોડેલી મિસાઈલ પોતાના લક્ષ્ય સુધી પહોંચે એ પહેલા હવામાં જ પોતાનો માર્ગ બદલી શકે છે.
- બ્રહ્મોસ મેનુવરેબલ ટેક્નિકથી સજ્જ મિસાઈલ છે. આથી બ્રહ્મોસ મિસાઈલને છોડયા બાદ લક્ષ્ય સુધી પહોંચ્યા પહેલા જો તેનું લક્ષ્ય માર્ગ બદલી લે તો બ્રહ્મોસ મિસાઈલ પણ પોતાનો માર્ગ બદલી લે છે. અને લક્ષ્યને અચૂકપણે ભેદી શકે છે.

### બ્રહ્મોસ મિસાઈલની વિશેષતાઓ

- તે હવામાં જ માર્ગ બદલી શકે છે અને હરતા–ફરતા લક્ષ્યને પણ ભેદી શકે છે.
- તેને વર્ટિકલ (ઊભા) અથવા સીધા એમ કોઈપણ પ્રક્ષેપકથી છોડી શકાય છે.
- તે થલસેના, જળસેના અને વાયુસેના એમ ત્રણેય માટે ઉપયોગી છે.
- તે 10 મીટરની ઊંચાઈએ ઊડી શકે છે અને રડારની પકડમાં નથી આવતી.
- ફક્ત રડાર જ નહિ પરંતુ કોઈપણ એન્ટી મિસાઈલ સિસ્ટમની પકડથી તે દૂર છે. તેને તોડી પાડવી લગભગ અશકય છે.
- તેની સ્પીડ અમેરિકાની ટોમહોક મિસાઈલથી ડબલ છે અને તેની પ્રહાર ક્ષમતા પણ ટોમહોકથી વધારે છે.
- સામાન્ય મિસાઈલથી વિપરિત આ મિસાઈલ હવા ખેંચીને રેમજેટ ટેક્નિકથી ઊર્જા પ્રાપ્ત કરે છે.
- પ્રહાર સમયે આ મિસાઈલ 1200 યુનિટ ઊર્જા પેદા કરીને પોતાના લક્ષ્યને તહેસ નહેસ કરી શકે છે.

## ➤ બાળસામયિક 'ચાંદામામા'ના ચિત્રકાર અને 'વિક્રમ વેતાળ'ના કાર્ટૂનિસ્ટ શ્રી કે. સી. શિવશંકરનું નિધન

એક સમયના લોકપ્રિય બાળ સામયિક 'ચાંદામામા'ના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કે. સી. શિવશંકરનું 29 સપ્ટેમ્બર, 2020ના રોજ ચેન્નાઇ ખાતે 97 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ તમિલનાડુના ઈરોડ જિલ્લાના એક નાનકડા ગામમાં થયો હતો.
- તેઓ ભારતના લોકપ્રિય બાળ સામયિક 'ચાંદામામા'ના ચિત્રકાર તથા કાર્ટૂનિસ્ટ તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમને 'ચાંદામામા' તરીકે પણ ઓળખવામાં આવતા હતા.
- 'ચાંદામામા' મેગેઝિનમાં તેમણે રચેલા 'વિક્રમ વેતાલ'ના ચિત્રો તથા કાર્ટૂનો ખૂબ જ પ્રસિદ્ધ થયા હતા.
- આ ઉપરાંત તેમણે 'રામાયણ' અને 'મહાભારત'ના પણ અનેક ચિત્રો તૈયાર કર્યા હતા.


**નોંધ :** (1) 'ચાંદામામા' એ સૌપ્રથમ વખત 1947માં તેલુગુ ભાષામાં પ્રસિદ્ધ થયું હતું.

(2) ત્યારબાદ આ બાળ સામયિક તમિલ, કન્નડ, સંસ્કૃત, હિન્દી, આસામી, ઓડિયા, અંગ્રેજી, મરાઠી, મલયાલમ, બંગાળી વગેરે જેવી અનેક ભાષાઓમાં પ્રસિદ્ધ થતું હતું.

(3) તેનો છેલ્લો અંક વર્ષ 2013માં પ્રગટ થયો હતો.

(4) આ મેગેઝિન 'અંબુલિમામા', 'અંબિલિ અમાવન', 'જાહનામામુ' નામથી પણ પ્રગટ થતું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ 'ઈતની શકિત હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના' ગીતના સર્જક તથા પ્રસિદ્ધ ગીતકાર અને લેખક શ્રી અભિલાષનું નિધન

'ઈતની શકિત હમેં દેના દાતા' ગીતના સર્જક **શ્રી અભિલાષ**નું 28 સપ્ટેમ્બર 2020ના રોજ **મુંબઈ** ખાતે 74 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ લાંબા સમયથી **લિવર કેન્સર**ની બીમારીથી પીડાઈ રહયા હતા.
- તેમનું મૂળ નામ **શ્રી ઓમપ્રકાશ** હતું.
- બાળપણમાં તેમણે **'અઝીઝ'** ઉપનામ ધારણ કરીને **ઓમપ્રકાશ 'અઝીઝ'**ના નામની અનેક ગઝલો, કવિતા અને વાર્તાઓ પ્રકાશિત કરી હતી.
- તેમણે 40 વર્ષ સુધી હિન્દી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- બોલીવૂડમાં તેમણે **'અભિલાષ'** નામથી ગીતકાર તથા પટકથા અને સંવાદ લેખક તરીકે કામ કર્યું હતું.

### ગીતકાર

શ્રી અભિલાષ તેમણે લખેલા 1986માં રિલીઝ થયેલી **'અંકુશ'** નામની ફિલ્મના –

**'ઈતની શકિત હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના'**

થી ખૂબ જ પ્રસિદ્ધ થયા હતા.

- તેનો વિશ્વની લગભગ **8** જેટલી ભાષાઓમાં અનુવાદ થયો હતો.
- આ ગીત આજે પણ ભારતની અનેક સ્કૂલોમાં તથા જેલોમાં **'પ્રાર્થના'** તરીકે ગવાય છે.
- તેમના અન્ય પ્રસિદ્ધ ગીતો :

(1) **સંસાર હૈ ઈક નદિયા**

(2) **સાંઝ ભઈ ઘર આ જા**

(3) **તુમ્હારી યાદ કે સાગર મેં**

(4) **આજ કી રાત ન જા**

(5) **વો જો ખત મુહબ્બત મેં**

(6) **તેરે બિના સૂના મેરે મન કા મંદિર**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફિલ્મો

શ્રી અભિલાષે રફતાર (1975), ઝહરીલી (1977), સાવન કો આને દો (1979), લાલ ચૂડા (1984), અંકુશ (1986), હલચલ (1995), મોક્ષ (2013) વગેરે જેવી ફિલ્મો માટે ગીતો લખ્યા હતા.

- આ ઉપરાંત 'જય જગન્નાથ' (2007) ફિલ્મના સંવાદો તેમજ 'જીતે હૈ શાન સે' (1988)ની એડિશન સ્ટોરી લખી હતી.

## એવોર્ડ

શ્રી અભિલાષને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ **શ્રી જ્ઞાની ઝૈલસિંહ** દ્વારા **કલાશ્રી એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- આ ઉપરાંત તેમને સુર આરાધના એવોર્ડ, માતોશ્રી એવોર્ડ, સિનો ગોવર્સ એવોર્ડ, ફિલ્મ ગોવર્સ એવોર્ડ, અભિનવ શિલ્પી એવોર્ડ, વિક્રમ ઉત્સવ સન્માન, હિન્દી સેવા સન્માન વગેરે પુરસ્કારો પણ એનાયત થયા હતા.

**નોંધ :** શ્રી અભિલાષે અદાલત, ચિત્રહાર, રંગોલી, ધૂપ છાંવ, દુનિયા રંગ રંગલી, અનુભવ, સંસાર અને ૐ નમઃ શિવાય જેવા અનેક પ્રસિદ્ધ ટીવી શોમાં પણ પટકથા, સંવાદ લેખક તરીકે કાર્ય કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

1. 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ' અથવા તો 'વિશ્વ પ્રૌઢ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 ઓકટોબર (B) 2 ઓકટોબર (C) 3 ઓકટોબર (D) 4 ઓકટોબર **(A)**

2. 'વિશ્વ શાકાહાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 ઓકટોબર (B) 2 ઓકટોબર (C) 3 ઓકટોબર (D) 4 ઓકટોબર **(A)**

3. 30 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતે કયાંથી બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું ?
(A) સતિષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)
(B) અબ્દુલ કલામ આઈલેન્ડ, વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)
(C) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર, બાલાસોર (ઓડિશા)
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

4. વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું નામ શું છે ?
(A) ખદીર (B) બ્રહ્મોસ (C) ટોમહોક (D) Kh-101 **(B)**

5. શ્રી કે. સી. શિવશંકરનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) રાજકારણ (B) સંગીત (C) ફિલ્મ (D) ચિત્ર **(D)**

6. 'ચાંદામામા' સામયિકના કયા પ્રસિદ્ધ ચિત્રહાર અથવા તો કાર્ટૂનિસ્ટનું તાજેતરમાં નિધન થયું છે ?
(A) શ્રી આર. એસ. શિવશંકર (B) શ્રી એસ. કે. શિવશંકર
(C) શ્રી કે. સી. શિવશંકર (D) શ્રી આર. કે. શિવશંકર **(C)**

7. કયા બાળ સામયિકના પ્રસિદ્ધ ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ શ્રી કે. સી. શિવશંકરનું નિધન થયું છે ?
(A) બાલ સૃષ્ટિ (B) ઝગમગ (C) ચાંદામામા (D) ચંપક **(C)**

8. 'ચાંદામામા'ના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કે. સી. શિવશંકરનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) તેલંગાણા (D) કેરળ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'ઈતની શકિત હમેં દેના દાતા' ગીતના સર્જક કોણ છે ?

(A) શ્રી અવિનાશ (B) શ્રી અભિલાષ

(C) શ્રી અનુરાગ (D) શ્રી અભિષેક **(B)**

10. 'ઈતની શકિત હમેં દેના દાતા' ગીતના સર્જક શ્રી અભિલાષનું નિધન થયું છે...તેમનું મૂળ નામ શું હતું ?

(A) શ્રી રમાકાંત શાસ્ત્રી (B) શ્રી રાજેશપ્રસાદ

(C) શ્રી ઓમપ્રકાશ (D) શ્રી મોહનપ્રસાદ **(C)**

11. 'ઈતની શકિત હમેં દેના દાતા' ગીત માટે પ્રસિદ્ધ શ્રી અભિલાષનું નિધન થયું છે.... તેમનું આ ગીત કઈ હિન્દી ફિલ્મનું ગીત છે ?

(A) ઈશ્વર (B) પ્રાર્થના (C) શકિત (D) અંકુશ **(D)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




**02 OCTOBER, 2020 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 2 ઓક્ટોબર,
## (1) મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન)
## (2) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન


### શ્રી લાલ બહાદુર શાસ્ત્રી



**શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** ભારતના **બીજા વડાપ્રધાન** હતા. ભારતના બીજા વડાપ્રધાન તરીકે તેમણે **9 જૂન 1964**થી **11 જાન્યુઆરી, 1966** દરમિયાન સેવા આપી હતી.

- તેમનો જન્મ **2 ઓક્ટોબર, 1904**ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **મુગલસરાય**માં થયો હતો.
- **'જય જવાન, જય કિસાન'**નો નારો આપનાર શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે ઉત્તરપ્રદેશના પરિવહન મંત્રી હતા ત્યારે તેમણે **બસ-કંડક્ટર**ના પદ પર **ભારતમાં પ્રથમવાર મહિલા**ને નિયુક્ત કરીને નવો ચીલો ચાતર્યો હતો.
- ત્યારબાદ ગૃહવિભાગના મંત્રી તરીકે તેમણે **લાઠીચાર્જ**ની જગ્યાએ (ફૂલ પ્રેશરથી) **પાણી છાંટવા**નો પ્રયોગ કરી તેનો પ્રારંભ કરાવ્યો હતો.
- તેઓ જ્યારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે **1965**માં **ભારત-પાકિસ્તાન યુદ્ધ** થયું. જેમાં પાકિસ્તાનની શરમજનક હાર થઈ.
- આ યુદ્ધ સમાપ્ત થયા બાદ **11 જાન્યુઆરી, 1966**ના રોજ **ઉઝબેકિસ્તાન**ની રાજધાની **તાશ્કંદ** ખાતે ભારતના વડાપ્રધાન **શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ **શ્રી અયૂબ ખાન** વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા.
- આ કરાર **'તાશ્કંદ કરાર'** તરીકે ઓળખાય છે.
- જે દિવસે 'તાશ્કંદ કરાર' થયા એ જ દિવસે એટલે **11 જાન્યુઆરી, 1966**ની રાત્રે **તાશ્કંદ** ખાતે જ શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું.
- જોકે, તેમનું મૃત્યુનું સત્તાવાર કારણ **હાર્ટએટેક** ગણાવવામાં આવ્યું છે.
- નવી દિલ્હી ખાતે આવેલું તેમનું સમાધિ સ્થળ **'વિજયઘાટ'** તરીકે ઓળખાય છે.
- વર્ષ **1966**માં તેમને સૌપ્રથમ વખત મરણોપરાંત ભારતના સર્વોચ્ચ સન્માન **'ભારત રત્ન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વિશ્વ અહિંસા દિન

**મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ 2 ઓક્ટોબર** દર વર્ષે સમગ્ર વિશ્વમાં **'વિશ્વ અહિંસા દિન'** તરીકે ઉજવાય છે.

- આ માટે **15 જૂન, 2007**ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું.
- જેમાં મહાસભાના તમામ સભ્યોએ 2 ઓક્ટોબરના રોજ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરવા માટે સહમતિ આપી હતી.
- ત્યારબાદ **2 ઓક્ટોબર, 2007**થી સમગ્ર વિશ્વમાં દરવર્ષે આ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- **સૌપ્રથમ જાન્યુઆરી 2004**માં **ઈરાન**ના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રીમતી શિરિન ઈબાદીએ** **'વિશ્વ અહિંસા દિવસ'**ની ઉજવણીનો વિચાર રજૂ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધી જયંતિ નિમિત્તે 5 ઓક્ટોબરથી 31 ડિસેમ્બર, **2020** સુધી **ગુજરાતમાં ઉત્પાદિત** ખાદી અને પોલીવસ્ત્રના છૂટક વેચાણ પર **20% વિશેષ વળતર**ની જાહેરાત કરી છે.

(2) ભારતમાં **નવી દિલ્હી** ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની સમાધિને **'રાજઘાટ'** નામ આપવામાં આવ્યું છે.

(3) મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ 'રાજઘાટ' ઉપરાંત ગુજરાતમાં **કચ્છ** જિલ્લાના **ગાંધીધામ- આદિપુર** ખાતે પણ ગાંધીજીની **એક સમાધિ** આવેલી છે.

(4) ગાંધીધામ–આદિપુર ખાતે આવેલી આ ગાંધી સમાધિમાં મહાત્મા ગાંધીજીના અસ્થિફૂલ સચવાયેલા હોવાથી આ ગાંધી સમાધિનું પણ વિશેષ મહત્ત્વ છે.

(5) ગુજરાતમાં **કચ્છ** જિલ્લાના **માંડવી** તાલુકાના **કોટડી (અથવા તો મહાદેવપુરી)** ગામમાં **1948**માં ગાંધીજીના નિધન બાદ ભારતના **પ્રથમ ગાંધી મંદિર**નું નિર્માણ થયું હતું.

# મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતી

## ગાંધીજીના દાદા અને પિતાશ્રી

મહાત્મા ગાંધીજીનું પૂરું નામ **શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી** હતું. તેમના દાદાનું નામ **શ્રી ઉત્તમચંદ ગાંધી** હતું. તેમના દાદા **શ્રી ઓતા ગાંધી** તરીકે પણ ઓળખાય છે.

- **શ્રી ઓતા ગાંધીને છ દીકરા** હતા. તેમાં **શ્રી કરમચંદ ગાંધી** તેમના **પાંચમા દીકરા** હતા. તેમના **છઠ્ઠા** દીકરાનું નામ **તુલસીદાસ** હતું.
- ગાંધીજીના પિતા શ્રી કરમચંદ ગાંધી **શ્રી કબા ગાંધી** તરીકે પણ ઓળખાય છે.
- શ્રી કબા ગાંધી સૌપ્રથમ **પોરબંદર** અને ત્યારબાદ **રાજકોટ** અને **વાંકાનેર**ના **દીવાન** હતા.
- મરણ સમયે તેઓ **રાજકોટ દરબાર**ના પેન્શનર હતા.
- ગાંધીજીના **પિતાશ્રીના** એક પછી એક એમ **ચાર ઘર (લગ્ન)** થયા હતા. જેમાં તેમને **ત્રણ દીકરા** અને **ત્રણ દીકરીઓ** હતી. તેમાં **મહાત્મા ગાંધીજી સૌથી નાના** હતા.

## ગાંધીજીનો જન્મ

મહાત્મા ગાંધીજીનો જન્મ **શ્રી કરમચંદ ગાંધીજીના ચોથા અને છેલ્લા પત્ની શ્રીમતી પૂતળીબાઈ**ની કૂખે **2 ઓક્ટોબર, 1869** અથવા તો **ભાદરવા વદ 12**ને **સંવત 1925**ના રોજ, **પોરબંદર** અથવા તો **સુદામાપુરી**માં થયો હતો.

- શ્રીમતી પૂતળીબાઈને એક દીકરી અને ત્રણ દીકરા હતા.
- મહાત્મા ગાંધીજીનો જન્મ દિન **2 ઓક્ટોબર 'વિશ્વ અહિંસા દિન'** તરીકે ઉજવાય છે.
- ગાંધીજીનો જન્મ **બારસ**ને દિવસે થયો હોવાથી તેમનો જન્મ દિન **'રેંટિયા બારસ'** તરીકે પણ ઉજવાય છે.
- મહાત્મા ગાંધીજીનો જન્મ **'ગુજરાત હિંદુ મોઢ (વૈષ્ણવ) વણિક'** પરિવારમાં થયો હતો.
- તેમના વડવાઓ વ્યવસાયે **ગાંધિયાણા (કરિયાણા)**નો ધંધો કરતા હતા. પરંતુ તેમની પહેલાની **ત્રણ પેઢીએ** ગાંધીનો વ્યવસાય કર્યો ન હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહાત્મા ગાંધીજીનું બાળપણ-અભ્યાસ

મહાત્મા ગાંધીજીનું **6 વર્ષ** સુધીનું બાળપણ **પોરબંદર**માં જ વીત્યું હતું.

- ત્યાં તેમણે કોઈ **સ્કૂલ**માં અભ્યાસ પણ કર્યો હતો. અને તેમાં તેઓ **થોડા પાડા** શીખેલા.
- તેમના પિતાશ્રી **પોરબંદર**થી **રાજકોટ રાજસ્થાનિક કોર્ટના સભ્ય** તરીકે **રાજકોટ** ટ્રાન્સફર થયા ત્યારે ગાંધીજીની ઉંમર **સાત વર્ષ**ની હતી.
- મહાત્મા ગાંધીજીએ **રાજકોટ**માં સૌપ્રથમ **રાજકોટ**ની ગામઠી નિશાળ **શાળા નં. 5 (પ્રતાપ કુંવરબા શાળા)**માં **બાલમંદિરથી ત્રીજા ધોરણ** સુધીનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજી **ધોરણ 3**માં **નાપાસ** થયા હતા.
- ત્યારબાદ તેમણે **રાજકોટ**ની પરા નિશાળ **શાળા નં. 1 (કિશોરસિંહજી શાળા)**માં **એક વર્ષ** અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે રાજકોટની **શ્રી આલ્ફ્રેડ હાઈસ્કૂલ**માં **હાઈસ્કૂલનું** શિક્ષણ મેળવ્યું હતું.
- મહાત્મા ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના **પ્રથમ વર્ષ**માં (એટલે કે **ચોથા ધોરણ**માં) હતા ત્યારે કેળવણીખાતાના **ઇન્સ્પેક્ટર જાઈલ્સ** તેમની શાળાની તપાસ માટે આવ્યા હતા.

- ઈન્સ્પેક્ટર જાઈલ્સે છોકરાઓને પાંચ શબ્દ લખવા માટે આપ્યા હતા. આ પાંચ શબ્દોમાંથી ગાંધીજીએ 'Kettle' (કેટલ) શબ્દની જોડણી ખોટી લખી હતી.
- આથી તેમની સ્કૂલના માસ્તરે તેમને બૂટની અણી મારીને બીજા વિદ્યાર્થીમાંથી ભૂલ સુધારવા ચેતવ્યા હતા.
- પણ ચેતે તો એ ગાંધીજી શાના ? બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં તેમને કદી આવડ્યું જ ન હતું.
- આથી, ગાંધીજી સિવાયના બધા છોકરાના પાંચેય શબ્દ સાચા પડયા હતા. માત્ર ગાંધીજીની જ 'Kettle' શબ્દની જોડણી ખોટી પડી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા ત્યારે હાઈસ્કૂલનું શિક્ષણ ધોરણ 4થી શરૂ થતું હતું. આથી ભૂમિતિ અને સંસ્કૃત વિષયો ચોથા ધોરણથી શરૂ થતા હતા.
- જોકે, ગાંધીજીને શરૂઆતમાં ભૂમિતિ ખૂબ જ અઘરું લાગતું હતું..... પરંતુ યુક્લિડના તેરમા પ્રમેય ઉપર આવ્યા પછી ગાંધીજીને ભૂમિતિ સહેલામાં સહેલો વિષય લાગવા માંડયો હતો.
- ગાંધીજીને સંસ્કૃતનું શિક્ષણ શ્રી કૃષ્ણાશંકર માસ્તરે આપ્યું હતું.
- જોકે શ્રી કૃષ્ણાશંકર માસ્તર ખૂબ જ કડક હોવાથી તથા 'ફારસી સંસ્કૃત કરતા સહેલું છે અને ફારસી શીખવનાર મોલવી પણ બહુ નરમ છે' એવું સાંભળીને ગાંધીજી એક વખત સંસ્કૃત છોડીને ફારસીના વર્ગમાં બેસી ગયા હતા.
- ગાંધીજીને હાઈસ્કૂલના શિક્ષણના બીજા વર્ષમાં એટલે કે પાંચમા ધોરણમાં માસિક ચાર રૂપિયા અને હાઈસ્કૂલના ત્રીજા વર્ષમાં એટલે કે છઠ્ઠા ધોરણમાં માસિક દસ રૂપિયા શિષ્યવૃત્તિ મળી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા એ સમયે સોરઠ પ્રાંતના વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને આ શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી.
- ગાંધીજીને હાઈસ્કૂલમાં એક દમ ખાસ કહી શકાય તેવા મિત્રો ફક્ત બે જ હતા.
- ગાંધીજીએ મેટ્રિક્યુલેશનની પરીક્ષા ઈ.સ. 1887માં પાસ કરી હતી.
- ગાંધીજીએ કોલેજનો અભ્યાસ મુંબઈ કરતા ભાવનગરનો ખર્ચ ઓછો હોવાથી ભાવનગરની શામળદાસ કોલેજમાં કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બાળપણમાં ધાર્મિક સંસ્કાર

બાળપણમાં ગાંધીજીના મન પર તેમના પિતાશ્રીએ ખરીદેલા પુસ્તક 'શ્રવણપિતૃભક્તિ નાટક' તથા કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી જોયેલ પોતાના માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા 'શ્રવણ'ના ચિત્રની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી છાપ પડી હતી.

- ગાંધીજીને બાળપણમાં વાજું વગાડવાનો શોખ હતો અને તેમના પિતાશ્રીએ તેમને એક વાજું પણ અપાવ્યું હતું.
- શ્રવણના મૃત્યુ સમયે તેમના માતાપિતાના વિલાપ અંગેના છંદને ગાંધીજીએ વાજામાં પણ ઉતાર્યો હતો.
- આ સમયે ગાંધીજીને વારંવાર શ્રવણ જેવા બનવાની ઈચ્છા થતી હતી.
- આ ઉપરાંત એ સમયે ગાંધીજીએ હરિશ્ચંદ્રનું નાટક (અથવા તો આખ્યાન) પણ જોયું હતું.
- એ નાટક એમણે અનેક વખત એમના મનમાં ભજવ્યું છે. અને એ સમયે "હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય ?... હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવી સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય." એવા વિચારો એમના મનમાં રમતા હતા.
- હરિશ્ચંદ્રનું દુઃખ જોઈ, તેમનું સ્મરણ કરી ગાંધીજી ખૂબ જ રોયા છે.
- આમ, હરિશ્ચંદ્ર અને શ્રવણની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી અસર હતી.
- ગાંધીજી બાળપણમાં ભૂતપ્રેત આદિથી ખૂબ જ ડરતા હતા. આથી ગાંધીજી જેને 'દાઈ' કહીને બોલાવતા હતા તે, તેમની જૂની નોકર રંભાએ ગાંધીજીને 'ભૂતપ્રેતનું ઔષધ રામનામ છે' એવું સમજાવ્યું હતું.
- આથી ગાંધીજીએ બાળવયે જ ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામનો જપ શરૂ કર્યો હતો.

- એ સમયે ગાંધીજીના એક **કાકાના દીકરાએ** ગાંધીજી તથા તેમના ભાઈને **રામરક્ષાનો પાઠ** શીખવ્યો હતો.
- આ સમયે ગાંધીજીના મન પર **'રામાયણની પારાયણે'** પણ ખૂબ જ ઊંડી છાપ પાડી હતી.
- એ સમયે **બીલેશ્વર**ના **લાધા મહારાજ** રામજી મંદિરમાં રોજ રાત્રે **રામાયણનો પાઠ સંભળાવતા** હતા. આથી આ રામાયણ સાંભળવા ગાંધીજી રોજ રાત્રે રામજી મંદિરે જતા હતા.
- ગાંધીજીને **સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ** રાખવાની તાલીમ **રાજકોટ**માં મળી હતી.
- કારણ કે તેમના માતાપિતા હવેલી, શિવાલય અને રામમંદિરમાં પણ જતા હતા અને ગાંધીજી તથા તેમના ભાઈને સાથે લઈ જતા હતા.
- બાળપણમાં ગાંધીજીને તમામ ધર્મોમાંથી માત્ર **ખ્રિસ્તી ધર્મ** પ્રત્યે **'કંઈક અભાવ'** હતો.
- ગાંધીજીએ તેમના પિતાશ્રીના પુસ્તકસંગ્રહમાંના **'મનુસ્મૃતિ'**ના **ભાષાંતર**માંથી **જગતની ઉત્પત્તિ** વગેરે વાતો વાંચી હતી.
- જોકે એ સમયે **'મનુસ્મૃતિ'** વાંચીને ગાંધીજી **અહિંસા** શીખ્યા ન હતા, પરંતુ ઉલ્ટુ એનાથી **'માંસાહાર'**ને ટેકો મળ્યો હતો.
- 'અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે' એ વસ્તુ ગાંધીજીની જિંદગીનું સૂત્ર બની ગયું હતું. તેનું કારણ ગાંધીજીના હૃદયમાં ચોંટેલો **એક નીતિનો છપ્પો** હતો. ગાંધીજીએ આ છપ્પાને 'ચમત્કારી' ગણાવ્યો છે. આ 'ચમત્કારી છપ્પો' કંઈક આ પ્રમાણે છે –

## ગાંધીજીના લગ્ન

- મહાત્મા ગાંધીજીના લગ્ન **13 વર્ષની ઉંમરે** થયા હતા. ગાંધીજીની **ત્રણ વખત** સગાઈ થઈ હતી.
- જેમાં ગાંધીજીની ત્રીજી અને છેલ્લી સગાઈ **સાત વર્ષ**ની ઉંમરે થઈ હતી.
- ગાંધીજીના લગ્ન સમયે તેમના પિતાશ્રી **રાજકોટ રાજ્યના દીવાન** હતા. આથી તેમનો પરિવાર એ સમયે રાજકોટ સ્થાયી થયો હતો.
- જોકે, મહાત્મા ગાંધીજી તથા તેમના મોટાભાઈ અને તેમના કાકાના દીકરા એમ ત્રણેયના લગ્ન એકસાથે કરવાના હોવાથી તેમના લગ્નનું આયોજન **પોરબંદર** ખાતે થયું હતું.
- આથી, તેમના લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે તેમના પિતાશ્રી જ્યારે રાજકોટથી પોરબંદર આવી રહયા હતા ત્યારે તેમનો ટાંગો (ઘોડાગાડી) ઊંધો વળતા તેમના પિતાશ્રીને ખૂબ જ વાગ્યુ હતું.
- આમ છતાં, હાથે–પગે પાટા બાંધ્યા હોવા છતાં અને તેમના શરીરે પીડા થતી હોવા છતાં તેમના પિતાશ્રીએ ગાંધીજીના વિવાહમાં પૂરો ભાગ લીધો હતો.
- ગાંધીજીના પત્નીનું નામ કસ્તુરબા હતું અને તેઓ નિરક્ષર હતા.
- વિવાહ થયા ત્યારે ગાંધીજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા.
- વિવાહને કારણે ગાંધીજી તથા તેમના ભાઈનું અભ્યાસનું **એક વર્ષ** નકામું ગયું હતું.
- ગાંધીજીના લગ્ન બાદ તેમના પત્નીને અવતરેલું પ્રથમ બાળક બે કે ચાર દિવસ બાદ અવસાન પામ્યું હતું. જેનું મુખ્ય કારણ બાળલગ્ન હતું.
- ગાંધીજીને બાળલગ્ન અંગે પહેલેથી જ ખૂબ જ શરમ હતી. અને પાછળથી તેઓ બાળલગ્નના વિરોધી પણ બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગાંધીજીની પિતૃભક્તિ

મહાત્મા ગાંધીજી **બાળપણથી** જ **પિતૃભક્ત** હતા. અને નિશાળ બંધ થાય એટલે તેઓ તરત જ ઘેર પહોંચીને પિતાજીની સેવામાં લાગી જતા હતા.

- પરંતુ ગાંધીજી જ્યારે **સાતમા ધોરણ**માં હતા ત્યારે તેમની શાળામાં **શ્રી દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર** હતા.
- અને તેમણે શાળાના **ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ** માટે **કસરત, ક્રિકેટ, ફૂટબોલ ફરજિયાત** કર્યા હતા.
- પરંતુ **પિતાજીની સેવા**ને કારણે ગાંધીજી કસરતના સમયે સ્કૂલમાં હાજર રહી શકયા ન હતા. આથી **ગીમી સાહેબે** ગાંધીજીને **એક કે બે આનાનો દંડ** કર્યો હતો.
- જોકે પાછળથી મહાત્મા ગાંધીજીએ 'નિશાળના સમય પછી તેમના પિતાશ્રી તેમની હાજરી પોતાની સેવાને અર્થે ઈચ્છે છે એવો પિતાશ્રીનો કાગળ' હેડમાસ્તરને આપીને કસરતમાંથી મુક્તિ મેળવી હતી.
- ગાંધીજીના પિતાશ્રીને **ભગંદર**ની બીમારી હતી. અને તેઓ તદ્દન ખાટલાવશ હતા.
- ત્યારે ગાંધીજીનું કામ **'નર્સ'**નું હતું. એમનો ઘા ધોવો, તેમાં દવા નાખવી, મલમ લગાડવો, તેમને દવા આપવી અને જ્યારે ઘેર દવા તૈયાર કરવાની હોય ત્યારે તે તૈયાર કરવી એ એમનું ખાસ કામ હતું.
- રોજ રાત્રે તેમના પિતાશ્રીના પગ ચાંપવા અને એ રજા આપે ત્યારે અથવા તો ઊંઘી જાય ત્યારે ગાંધીજીએ સૂવા જવું એવો ગાંધીજીનો નિયમ હતો.

## ચોરી અને પ્રાયશ્ચિત

- બાળપણમાં ગાંધીજીને તેમના **એક સગાની સાથે** બીડી પીવાનો શોખ થઈ ગયો હતો.
- પણ તેમની પાસે બીડીના પૈસા ન હતા. આથી તેઓ **તેમના કાકા** બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરીને પીતા હતા.
- જોકે બીડીના ઠૂંઠાં હર વખતે મળતા ન હતા અને એમાંથી બહુ ધુમાડોય નીકળતો ન હોવાથી તેઓ કયારેક કયારેક **તેમના ચાકર**ની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે **એકાદ દોકડો** ચોરીને બીડી ખરીદતા હતા.
- જોકે તેઓ બીડીની આદતને કારણે આવેલી પરાધીનતાથી કંટાળી ગયા હતા અને તેમણે **ધતૂરાના ડોડવાનાં બી ખાઈને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો**. અને તેમણે ધતૂરાના **બેચાર બી ખાધાં પણ ખરા**, પરંતુ બીજાં ખાવાની હિંમત ન ચાલી અને આપઘાતનો વિચાર પડતો મૂકયો.
- પરંતુ આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે, ગાંધીજીની એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની આદત છૂટી ગઈ. એ સમયે તેમની ઉંમર **બારતેર વર્ષ કે તેથી ઓછી** હતી.
- ત્યારબાદ ગાંધીજી જ્યારે **પંદર વર્ષ**ના હતા ત્યારે તેમના **ભાઈ**ને **'માંસાહાર'**ને કારણે **પચીસેક રૂપિયાનું** કરજ થઈ ગયું હતું.
- તેમના ભાઈના હાથમાં **સોનાનું નક્કર કડું** હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE

- આથી, ભાઈનું કરજ ચૂકવવા માટે એ સોનાના કડામાંથી **સોનાનો કકડો** કાપીને કરજ ચૂકવવું એવો નિર્ણય **ગાંધીજી અને તેમના ભાઈએ** કર્યો હતો.
- અને કડું કપાયું, કરજ પણ ચૂકવાઈ ગયું. પરંતુ **'સોનાના કકડા'**ની આ **ચોરી** ગાંધીજી માટે **અસહ્ય બની ગઈ**. અને હવે પછી ક્યારેય ચોરી ન કરવાનો તેમણે નિર્ણય કર્યો.
- આ માટે પ્રાયશ્ચિત રૂપે પોતાની ભૂલ પિતાશ્રી પાસે કબૂલ કરવી અને શુદ્ધ થવું. એવો તેમણે નિર્ણય કર્યો. પણ ભૂલ કબૂલવી કઈ રીતે ?
- અંતે તેમણે પિતાશ્રીને ચિઠ્ઠી લખીને પોતાની ભૂલ કબૂલી.

## વિલાયત જવાની તૈયારી

મહાત્મા ગાંધીજીએ **મેટ્રિક**ની પરીક્ષા આપવા માટે **પરીક્ષા સ્થળ** તરીકે **અમદાવાદ**ની પસંદગી કરી હતી.

- અને એ માટે **રાજકોટથી અમદાવાદ** **પ્રથમ વખત** એકલા મુસાફરી કરી હતી.
- તેમણે **ઈ.સ. 1887માં** **મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા પાસ કરી હતી.
- અને ત્યાર બાદ તેમણે **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં એડમિશન લીધુ હતું.
- અને તેઓ શામળદાસ કોલેજમાંથી **પહેલી ટર્મ (પ્રથમ સત્ર)** પૂરું કરીને જયારે ઘેર પરત આવ્યા ત્યારે ગાંધીજીના કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર **શ્રી માવજી દવે**એ ગાંધીજીને **વિલાયત** જઈને **બારિસ્ટર** બનવા સલાહ આપી.
- **શ્રી માવજી દવે**ને ગાંધીજી **'જોશીજી'** તરીકે સંબોધિત કરતા હતા અને તેમનો **કેવળરામ** નામનો એક દીકરો પણ વિલાયતમાં હતો.
- આથી, ગાંધીજી જો વિલાયત જશે તો **ત્રણ વર્ષ**માં ભણીને પાછા આવી જશે અને ખરચ પણ **ચાર - પાંચ હજાર**થી વધારે નહિ થાય એવી તેમણે ભલામણ કરી.
- આથી, તેમના વડીલ ભાઈએ **પોરબંદર** જઈને **એડમિનિસ્ટ્રેટર લેલીસાહેબ** પાસે આ માટે મદદ માંગવાનું કહ્યું.
- ગાંધીજીના માતાએ પણ વિલાયત જવા માટે પોરબંદર જઈને સૌપ્રથમ તેમના **કાકાની સલાહ** લેવા કહ્યું.
- આથી ગાંધીજીએ પોરબંદર જવા માટે ધોરાજી સુધી ગાડું કર્યું અને **ધોરાજી**થી **પોરબંદર** એક દિવસ વહેલા પહોંચવા માટે ઊંટ કર્યું.
- **ઊંટની સવારી**નો ગાંધીજીનો આ **પ્રથમ અનુભવ** હતો.
- પોરબંદર જઈને તેમણે તેમના કાકાને બધી વાત કરી. તેમના **કાકાએ** 'જો તારા બા તને રજા આપે, તો મારી આશિષ તને છે જ' એવી શરતી મંજૂરી આપી.
- અને પોરબંદરમાં એડમિનિસ્ટ્રેટર **લેલીસાહેબે** 'તું બી.એ. થા, પછી મળજે. હમણાં કંઈ મદદ ન અપાય' એમ કહીને મદદ કરવાનો ઈનકાર કર્યો.
- ગાંધીજીએ ઘરે આવીને તેમના માતાને બધી વાત કરી.
- તેમના **માતા**એ **શ્રી બેચરજી સ્વામી**ને પૂછીને પછી જ પરવાનગી આપીશ એમ કહ્યું.
- **શ્રી બેચરજી સ્વામી**એ **ગાંધીજી** પાસેથી **ત્રણ** બાબતોની **પ્રતિજ્ઞા** લઈને પછી વિલાયત મોકલવા સૂચન કર્યું.
- આથી, **શ્રી બેચરજી સ્વામી**ના કહેવાથી ગાંધીજીએ **માંસ, મદિરા અને સ્ત્રીસંગ**થી દૂર રહેવાની **પ્રતિજ્ઞા** લીધી અને **માતા**એ વિલાયત જવાની આજ્ઞા આપી.
- મંજૂરી મળ્યા બાદ વિલાયત જવા માટે ગાંધીજી મુંબઈ આવ્યા. **મુંબઈ**ની આ તેમની **પ્રથમ** મુસાફરી હતી. આ સમયે તેમના **વડીલ ભાઈ** તેમને મૂકવા સાથે આવ્યા હતા. ત્યારબાદ દરિયામાં તોફાન હોવાથી ગાંધીજીને થોડો સમય મુંબઈ રોકાવું પડ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાત બહાર

- ગાંધીજીના વિલાયત જવા વિશે તેમની નાતમાં જાણ થઈ અને નાતમાં ખળભળાટ મચી ગયો.
- આ અગાઉ કોઈ મોઢ વાણિયો વિલાયત ગયો ન હતો. તેથી અને ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ હોવાથી તેમજ વિલાયતમાં ધર્મ ન સચવાય એ કારણથી નાતે ગાંધીજીને વિલાયત જવાની પરવાનગી ન આપી.
- આમ છતાં, ગાંધીજી પોતાના નિશ્ચય પર દઢ રહ્યા તો તેમને નાત બહાર કરવામાં આવ્યા અને નાતના શેઠે હુકમ કર્યો કે, 'આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો **સવા રૂપિયો** દંડ થશે'.
- ત્યારબાદ **4થી સપ્ટેમ્બરે** ઊપડનારી સ્ટીમરમાં **જૂનાગઢના શ્રી ત્રંબકરાય મજમુદાર** નામના **એક વકીલ** બારિસ્ટર બનવા માટે વિલાયત જવાના છે એવા સમાચાર મળ્યા.
- આથી, ગાંધીજીએ તેમની સાથે વિલાયત જવું એવું નક્કી થયું.
- અને કુટુંબના **એક મિત્ર**ની મદદથી ભાડા વગેરેના પૈસા મેળવી **શ્રી ત્રંબકરાય મજમુદાર**ની સાથે વિલાયત જવા માટે **4 સપ્ટેમ્બર, 1888**ના રોજ ગાંધીજીએ **મુંબઈનું** બંદર છોડ્યું.
- એ સમય ગાંધીજીની ઉંમર **18 વર્ષ**ની હતી.

## વિલાયતમાં

- મહાત્મા ગાંધીજી વિલાયતમાં સૌપ્રથમ ઈંગ્લેન્ડના **સાઉથેમ્પ્ટન બંદરે** ઉતર્યા હતા. એ દિવસે **શનિવાર** હતો.
- ગાંધીજી વિલાયત પહોંચ્યા ત્યારે તેમની પાસે ભલામણના ચાર કાગળો હતો.

  (1) દાક્તર પ્રાણજીવન મહેતા ઉપર (2) શ્રી દલપતરામ શુક્લ ઉપર

  (3) પ્રિન્સ રણજિતસિંહજી ઉપર અને (4) શ્રી દાદાભાઈ નવરોજી ઉપર
- સાઉથેમ્પ્ટન બંદરે ઉતર્યા બાદ ગાંધીજી તથા ત્રંબકરાય મજમુદાર **વિક્ટોરિયા હોટલ**માં રોકાયા હતા.
- ગાંધીજીએ ત્યાંથી સૌપ્રથમ **દાક્તર પ્રાણજીવન મહેતા**ને તાર કર્યો હતો. આથી તેઓ ગાંધીજીને મળવા આવ્યા.
- આ સમયે ગાંધીજીએ અજાણતાં જ **દાક્તર મહેતા**ની રેશમનાં રૂંવાંવાળી ટોપી જોવા ખાતર ઉપાડી અને તેના ઉપર ઊલટો હાથ ફેરવ્યો. દાક્તર મહેતાએ આ જોઈને ગાંધીજીને અટકાવ્યા.
- અને અહીંથી ગાંધીજીનો **યુરોપના રીતરિવાજો** વિશેનો **પહેલો પાઠ** શરૂ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગાંધીજયંતી નિમિત્ત ગુજરાતના 4 જિલ્લાઓમાં 100 ટકા હર ઘર જલ નલ સે જલનો શુભારંભ

2 ઓક્ટોબર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગાંધી જયંતી નિમિત્તે ગુજરાતના **4 જિલ્લા**ના **ગ્રામ્ય વિસ્તારો**માં **100 ટકા નળ જોડાણ કાર્યક્રમ**નો **ગાંધીનગર** ખાતેના તેમના **નિવાસ સ્થાને**થી શુભારંભ કરાવ્યો હતો.

- આ યોજના અંતર્ગત ગુજરાતના **ચાર જિલ્લા**ના તમામ ગામોમાં તમામ ગ્રામજનોને ઘર આંગણે જ શુદ્ધ પીવાલાયક પાણી મળતું થશે.
- ગુજરાતના આ જિલ્લાઓમાં –

  (1) **ગાંધીનગર**

  (2) **મહેસાણા**

  (3) **આણંદ**

  (4) **પોરબંદર**

  ના ગ્રામીણ વિસ્તારોનો સમાવેશ થાય છે.
- ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા લોન્ચ કરવામાં આવેલી **'હર ઘર જલ - નલ સે જલ'** યોજના અંતર્ગત ગુજરાતના ગાંધીનગર, મહેસાણા, આણંદ અને પોરબંદરના ગ્રામીણ વિસ્તારોમાં ઘર આંગણે જ નળ દ્વારા પીવાના પાણીની આ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**નોંધ :** **'હર ઘર જલ-નલ સે જલ'** અથવા તો **'હર ઘર જલ'** યોજના અંતર્ગત વર્ષ 2024 સુધીમાં **ભારતના તમામ ગ્રામીણ પરિવારો**ને ઘર આંગણે જ નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગાંધી જયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ'ની ગુજરાતમાં અનોખી ઉજવણી : 5 લાખ બહેનો હેન્ડ વોશિંગ-સેનિટાઈઝ કેમ્પેઈનમાં જોડાયા

મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ **2 ઓક્ટોબર** ભારતમાં **'સ્વચ્છ ભારત દિવસ'** અથવા તો **'રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ'** તરીકે પણ ઉજવાય છે.

- આ અંતર્ગત 2 ઓક્ટોબર 2020ના રોજ ગુજરાતમાં **'રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ'**ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં ગુજરાતના આશરે 3800થી વધુ સ્થળોએ ઉપસ્થિત રહીને ગુજરાતની **5 લાખ બહેનો** દ્વારા **'હેન્ડ વોશિંગ-સેનિટાઈઝ કેમ્પેઈન'** હાથ ધરવામાં આવ્યું હતું.

- ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણીએ</u> <u>ગાંધીનગર</u> ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા આ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

**નોંધ :** ગુજરાત રાજ્યના <u>મહિલા અને બાળ વિકાસ વિભાગ</u> દ્વારા આ <u>'હેન્ડ વોશિંગ'</u> કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આંગણવાડીના નવનિર્મિત ભવનોનું ઈ-લોકાર્પણ

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણીએ</u> <u>રૂ. 59.87 કરોડ</u>ના ખર્ચે તૈયાર થનારા 835 જેટલા –

(1) **આંગણવાડી (અથવા તો નંદ ઘર)**
(2) **સેજા કચેરી અને**
(3) **બ્લોક ઓફિસ**

ના નવનિર્મિત ભવનોનું ઈ–લોકાર્પણ તથા ઈ–ભૂમિપૂજન કર્યું હતું.

## NITA એપ્લિકેશન લોન્ચ

2 ઓક્ટોબર 2020ને ગાંધીજયંતી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણીએ</u> ગુજરાતમાં <u>NITA એપ્લિકેશન</u> અને <u>ડેશ બોર્ડ</u>નું પણ <u>ગાંધીનગર</u> ખાતેથી <u>ઈ-લોન્ચિંગ</u> કર્યું હતું.




- ગુજરાતમાં <u>'નંદ ઘર'</u> તરીકે ઓળખાતી <u>'આંગણવાડી'</u>માં વિવિધ માળખાકીય સુવિધાઓના મોનિટરિંગ માટે આ એપ તથા ડેશ બોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.

**નોંધ :** <u>NITA</u> એપનું પૂરું નામ <u>'Nand-Ghar Information Tracking Application'</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગાંધી જયંતી નિમિત્તે રાજકોટના ગાંધી મ્યુઝિયમ અંગેના વિશેષ પોસ્ટલ કવર અને સ્ટેમ્પનું ઈ-અનાવરણ

2 ઓક્ટોબર 2020ને ગાંધી જયંતિ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **વિશેષ પોસ્ટલ કવર**નું અને **સ્ટેમ્પ**નું ઈ–અનાવરણ કર્યું હતું.

- ગુજરાતમાં **રાજકોટ** ખાતે આવેલા **ગાંધી મ્યુઝિયમ** અંગે **ભારતીય પોસ્ટ વિભાગ** દ્વારા આ વિશેષ પોસ્ટલ કવર અને સ્ટેમ્પ તૈયાર કરવામાં આવ્યા હતા.

**નોંધ :** ગુજરાતના **રાજકોટ**માં મહાત્મા ગાંધીજીએ જે સ્થળે અભ્યાસ કર્યો હતો તે **આલ્ફ્રેડ હાઈસ્કૂલ**ને **'ગાંધી મ્યુઝિયમ'** તરીકે વિકસાવીને તેને વિશ્વકક્ષાના સ્મૃતિ મંદિર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સર્વધર્મ પ્રાર્થનાસભા

2 ઓક્ટોબર, 2020ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે **ગુજરાત**માં **પોરબંદર** ખાતે આવેલા મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ **કીર્તિ મંદિર** ખાતે **'સર્વધર્મ પ્રાર્થનાસભા'**નું આયોજન થયું હતું.

- આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉપસ્થિત રહયા હતા.
- જ્યારે મહાત્મા ગાંધીજીના જન્મને 150 વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** **નવી દિલ્હી**માં **ગાંધી સ્મૃતિ** ખાતે આયોજિત **'પ્રાર્થના સભા'**માં ઉપસ્થિત રહયા હતા.



## ➤ ગાંધી જયંતી નિમિત્તે કેન્દ્ર સરકારના ન્યાય વિભાગ દ્વારા 'શ્રમદાન' અભિયાનનું આયોજન

2 ઓક્ટોબર 2020ના રોજ ભારત સરકારના <u>ન્યાય વિભાગ</u> દ્વારા <u>નવી દિલ્હી</u> ખાતે <u>'શ્રમદાન'</u> અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ગાંધી જયંતી નિમિત્તે યોજાયેલા આ અભિયાનમાં ન્યાય વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો.
- આ ઉપરાંત આ અભિયાન અંતર્ગત <u>ઓનલાઈન નિબંધ સ્પર્ધા</u> અને <u>ચિત્ર સ્પર્ધા</u>નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## ➤ ગાંધી જયંતી નિમિત્તે કેન્દ્ર સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા 'સ્વચ્છતા પખવાડિયા'નું આયોજન

ભારતમાં <u>1 થી 15 ઓક્ટોબર 2020</u> દરમિયાન કેન્દ્ર સરકારના <u>પંચાયતી રાજ મંત્રાલય</u> દ્વારા <u>'સ્વચ્છતા પખવાડિયા'</u>નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં પંચાયતી રાજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને હિન્દી અને અંગ્રેજી ભાષામાં <u>'સ્વચ્છતાના શપથ'</u> પણ અપાવવામાં આવ્યા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગાંધી જયંતી નિમિત્તે એનાયત થયેલા 'સ્વચ્છ ભારત પુરસ્કાર 2020' માં SSSS અને SSA અભિયાનોમાં સમગ્ર ભારતમાં ગુજરાત પ્રથમ, આ માટે ગુજરાતને મળ્યા 2 એવોર્ડ

2 ઓક્ટોબર 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના <u>જળ શક્તિ મંત્રાલય</u> દ્વારા <u>'સ્વચ્છ ભારત દિવસ, 2020'</u>ની ઉજવણી કરવામાં આવી હતી.

- આ ઉપરાંત આ પ્રસંગે <u>'સ્વચ્છ ભારત પુરસ્કાર 2020'</u> પણ એનાયત કરવામાં આવ્યા હતા.
- ભારતમાં <u>'સ્વચ્છ ભારત મિશન'</u>ના <u>6 વર્ષ</u> પૂર્ણ થવાના પ્રસંગે વિવિધ કેટેગરી અને જુદા જુદા અભિયાનોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો, જિલ્લાઓ, બ્લોકો અને ગ્રામ પંચાયતોને આ પુરસ્કાર એનાયત થયા હતા.

- જેમાં 1 નવેમ્બર 2019થી 30 એપ્રિલ 2020 દરમિયાન યોજાયેલા 'Swachh Sundar Samudayik Shauchalaya' (SSSS) (સ્વચ્છ સુંદર સામુદાયિક શૌચાલય) અભિયાનમાં ભારતના રાજ્યોમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- જ્યારે 15 જૂનથી 15 સપ્ટેમ્બર 2020 દરમિયાન યોજાયેલા 'Samudayik Shauchalaya Abhiyan' (SSA) (સામુદાયિક શૌચાલય અભિયાન)માં Non-GKRA કેટેગરીમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- જ્યારે આ અભિયાનમાં GKRAની કેટેગરીમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે છે.

**સ્વચ્છ ભારત પુરસ્કાર 2020**

| ક્રમ | અભિયાન | પ્રથમ એવોર્ડ વિજેતા રાજ્ય |
|---|---|---|
| 1 | સ્વચ્છ સુંદર સામુદાયિક શૌચાલય અભિયાન | ગુજરાત |
| 2 | સામુદાયિક શૌચાલય અભિયાન (Non-GKRA) | ગુજરાત |
| 3 | સામુદાયિક શૌચાલય અભિયાન (GKRA) | ઉત્તરપ્રદેશ |
| 4 | ગંદકી સે મુક્ત અભિયાન (Maximum Shramdaan Participation) | તેલંગાણા |
| 5 | ગંદકી સે મુક્ત અભિયાન (Maximum ODF Plus Villages) | હરિયાણા |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકારના જળ શકિત મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને જળ શકિત રાજ્ય મંત્રી શ્રી રતનલાલ કટારિયા દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

(2) ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા આ એવોર્ડ એનાયત કરવા માટેના ઓનલાઈન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) 'સ્વચ્છ ભારત પુરસ્કાર'ને 'સ્વચ્છ ભારત દિવસ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) ભારતમાં 'સ્વચ્છ ભારત મિશન'નો પ્રારંભ 2 ઓક્ટોબર, 2014થી થયો હતો.

## ➤ 'જલ જીવન મિશન' અંતર્ગત ભારતની તમામ સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રોમાં 100 દિવસમાં પાઈપ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાના અભિયાનનો પ્રારંભ

**2 ઓક્ટોબર 2020**ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના જળ મંત્રી **શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે 100 દિવસ**ના એક **અભિયાન**નો શુભારંભ કરાવ્યો છે.

- આ અભિયાન અંતર્ગત **100 દિવસ**માં ભારતની તમામ **સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રો**માં પાઈપ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતમાં કેન્દ્ર સરકારના **'જલ જીવન મિશન'** અંતર્ગત આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

**નોંધ :** આ અભિયાન અંતર્ગત ભારતની તમામ **સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રો** ઉપરાંત **આરોગ્ય કેન્દ્રો** જેવી **અન્ય જાહેર સંસ્થાઓ**માં પણ શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



ICE Questions

1. ભારતમાં 2 ઓક્ટોબરના રોજ કોનો જન્મદિવસ ઉજવાય છે ?
   1. મહાત્મા ગાંધીજી
   2. શ્રી લાલ બહાદુર શાસ્ત્રી
   3. શ્રી ચૌધરી ચરણસિંહ
   4. શ્રી રવિશંકર મહારાજ

   Ans. (A) ફક્ત 1 (B) 1 અને 2 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(B)**

2. શ્રી મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ 2 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
   1. વિશ્વ અહિંસા દિન
   2. વિશ્વ સ્વચ્છતા દિન
   3. સ્વચ્છ ભારત દિવસ
   4. સ્વસ્થ ભારત દિવસ

   Ans. (A) ફક્ત 1 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 1, 3, 4 **(C)**

3. ભારતમાં 'સ્વચ્છ ભારત અભિયાન'નો પ્રારંભ ક્યારથી થયો હતો ?

   (A) 2 ઓક્ટોબર, 2013 (B) 2 ઓક્ટોબર, 2014

   (C) 2 ઓક્ટોબર, 2015 (D) 2 ઓક્ટોબર, 2016 **(B)**

4. 2 ઓક્ટોબર, 2014ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ ક્યાંથી કરાવ્યો હતો ?

   (A) કીર્તિ મંદિર, પોરબંદર (B) સાબરમતી આશ્રમ, અમદાવાદ

   (C) રાજઘાટ, નવી દિલ્હી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

5. 2 ઓક્ટોબર, 2020ને ગાંધી જયંતી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કેટલા જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં 100 ટકા નળ જોડાણ કાર્યક્રમનો અથવા તો 100 ટકા હર ઘર જલ–નલ સે જલનો શુભારંભ કરવામાં આવ્યો હતો ?

   (A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. 2 ઓક્ટોબર, 2020ને ગાંધી જયંતી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા ચાર જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં 100 ટકા નળ જોડાણ કાર્યક્રમનો અથવા તો 100 ટકા હર ઘર જલ–નલ સે જલનો શુભારંભ કરવામાં આવ્યો હતો ?
(A) ગાંધીનગર, અમદાવાદ, સુરત, રાજકોટ
(B) ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, ભાવનગર
(C) ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, પોરબંદર
(D) ગાંધીનગર, મહેસાણા, આણંદ, પોરબંદર **(D)**

7. ભારતમાં કેન્દ્ર સરકારની 'હર ઘર જલ–નલ સે જલ' યોજના અંતર્ગત કયાં સુધીમાં ભારતના તમામ ગ્રમીણ પરિવારોને ઘર આંગણે જ નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ?
(A) 2022 (B) 2024 (C) 2025 (D) 2030 **(B)**

8. 2 ઓક્ટોબર 2020ના રોજ ગાંધી જયંતી નિમિત્તે ભારતના કયા રાજ્યમાં 5 લાખ મહિલાઓએ 'હેન્ડ વોશિંગ – સેનિટાઈઝ કેમ્પેઈન'માં ભાગ લીધો હતો ?
(A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) ગુજરાત (D) બિહાર **(C)**

9. 2 ઓક્ટોબર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં આંગણવાડીની વિવિધ સુવિધાઓના મોનિટરિંગ માટે કઈ એપ અને ડેશબોર્ડનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) GATI (B) PRAGATI (C) NITA (D) NITI **(C)**

10. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોન્ચ કરેલી NITA એપનું પૂરું નામ શું છે ?
(A) Nand-Ghar Infosys Tranzit Application
(B) Nand-Ghar Information Tranzit Application
(C) Nand-Ghar Infotech Tranzit Application
(D) Nand-Ghar Information Tracking Application **(D)**

11. ગુજરાતમાં કોની વિવિધ સુવિધાઓના મોનિટરિંગ માટે NITA એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) સ્કૂલ (B) કોલેજ (C) યુનિવર્સિટી (D) આંગણવાડી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. 2 અકોટોબર 2020ને ગાંધી જયંતી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ સંસ્થા / સ્થળ અંગેના વિશેષ પોસ્ટલ કવર અને સ્ટેમ્પનું ઈ–અનાવરણ કરાવ્યું હતું ?
(A) ગૂજરાત વિદ્યાપીઠ (B) સાબરમતી આશ્રમ
(C) ગાંધી મ્યુઝિયમ (D) કીર્તિ મંદિર
(C)

13. ગાંધી જયંતી નિમિત્તે કેન્દ્ર સરકારના કયા વિભાગ દ્વારા 'શ્રમદાન' અભિયાન અંતર્ગત ઓનલાઈન નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) ન્યાય વિભાગ (B) સંસ્કૃતિ વિભાગ
(C) સ્વચ્છતા વિભાગ (D) જળ શકિત વિભાગ
(A)

14. ગાંધી જયંતી નિમિત્તે ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 1 થી 15 ઓકટોબર, 2020 દરમિયાન સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) ગ્રામીણ વિકાસ મંત્રાલય (B) જળ શકિત મંત્રાલય
(C) પંચાયતી રાજ મંત્રાલય (D) શહેરી વિકાસ મંત્રાલય
(C)

15. ગાંધી જયંતી નિમિત્તે એનાયત થયેલા 'સ્વચ્છ ભારત પુરસ્કાર, 2020'માં 'સ્વચ્છ સુંદર સામુદાયિક શૌચાલય' અભિયાન અંતર્ગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે ભારતના કયા રાજ્યને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) ગુજરાત (B) તેલંગાણા (C) હરિયાણા (D) પંજાબ
(A)

16. ગાંધી જયંતી નિમિત્તે એનાયત થયેલા 'સ્વચ્છ ભારત પુરસ્કાર, 2020'માં 'સામુદાયિક શૌચાલય અભિયાન'ની Non-GKRA કેટેગરી અંતર્ગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે ભારતના કયા રાજ્યને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) ગુજરાત (B) તેલંગાણા (C) હરિયાણા (D) પંજાબ
(A)

17. 'સ્વચ્છ ભારત દિવસ પુરસ્કાર, 2020' અંતર્ગત કયા અભિયાનમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ ગુજરાત ભારતના રાજ્યોમાં પ્રથમ ક્રમે છે ?
1. સામુદાયિક શૌચાલય અભિયાન
2. ગંદકી સે મુકત અભિયાન
3. સ્વચ્છ સુંદર સામુદાયિક શૌચાલય અભિયાન
4. સ્વચ્છ ભારત અભિયાન

Ans.(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 1, 4
(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**18.** ભારતની તમામ સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રોમાં કેટલા દિવસ સુધીમાં પાઈપ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાના અભિયાનનો પ્રારંભ થયો છે ?

(A) 50 દિવસ (B) 100 દિવસ (C) 125 દિવસ (D) 151 દિવસ **(B)**

**19.** ભારતની તમામ સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રોમાં 100 દિવસમાં પાઈપ દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાના અભિયાનનો ક્યારથી પ્રારંભ થયો છે ?

(A) 1 ઓક્ટોબર, 2020 (B) 2 ઓક્ટોબર, 2020

(C) 10 ઓક્ટોબર, 2020 (D) ત્રણમાંથી એકપણ નહિ **(B)**



**03 OCTOBER, 2020 SATURDAY**

## ➤ સુશ્રી વૈભવી નાણાવટી, શ્રી નિર્ઝરકુમાર દેસાઈ અને શ્રી નિખિલ કરિયલના ગુજરાત હાઈકોર્ટના નવા જજ તરીકે શપથ

ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ગુજરાત હાઈકોર્ટમાં **ત્રણ નવા જજ**ની નિમણૂક કરી હતી.

- ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂક પામેલા આ ત્રણ નવા જજમાં –
  (1) **સુશ્રી વૈભવી નાણાવટી**
  (2) **શ્રી નિર્ઝરકુમાર દેસાઈ અને**
  (3) **શ્રી નિખિલ કરિયલ**
  નો સમાવેશ થાય છે.
- આ અંતર્ગત 4 ઓક્ટોબર 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ **શ્રી વિક્રમ નાથે** આ ત્રણેય જજોને પદ અને ગોપનીયતાના શપથ અપાવ્યા હતા.
- આ માટેનો શપથવિધિ કાર્યક્રમ ગુજરાત હાઈકોર્ટના ઓડિટોરિયમમાં યોજાયો હતો.

### હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના **ભાગ 6ના અનુચ્છેદ 214થી 231** અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ **25 હાઈકોર્ટ** આવેલી છે.
- **કોલકાતા હાઈકોર્ટ** ભારતની **સૌથી જૂની** હાઈકોર્ટ છે. તેની સ્થાપના **2 જુલાઈ, 1862**ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે **1 જાન્યુઆરી, 2019**ના રોજ ભારતની **25મી હાઈકોર્ટ** તરીકે નવી **આંધ્રપ્રદેશ હાઈકોર્ટ**ની રચના કરવામાં આવી હતી.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના **1 મે 1960**ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 214** અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ **1956**ના **7મા બંધારણીય સુધારા** અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજયો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 216** અનુસાર દરેક હાઈકોર્ટમાં **એક મુખ્ય ન્યાયાધીશ** અને **બીજા અન્ય ન્યાયાધીશો** હોય છે.

● હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત **રાષ્ટ્રપતિ** નક્કી કરે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા **10 વર્ષ**નો **ન્યાયાધીશ**નો અનુભવ હોવો જોઈએ.

અથવા

ઓછામાં ઓછા **10 વર્ષ** સુધી **હાઈકોર્ટ**માં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ (મુદત)

ભારતીય બંધારણના **અનુચ્છેદ-217(1)** મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ **62 વર્ષની વય સુધી** પોતાના પદ ઉપર સેવા આપી શકે છે.

● કોઈપણ ન્યાયાધીશ ભારતના **રાષ્ટ્રપતિ**ને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

**અનુચ્છેદ 219** અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ **રાજ્યપાલ** કે **રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ** સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**નો પગાર **રૂા. 2,50,000 પ્રતિમાસ** અને **અન્ય ન્યાયાધીશો**નો પગાર **રૂા. 2,25,000** પ્રતિમાસ છે.

## ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેનું **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ** અને **સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશો**નું મંડળ **Collegium** તરીકે ઓળખાય છે.

● ભારતમાં **સુપ્રીમ કોર્ટ** અને **હાઈકોર્ટ**માં **ન્યાયાધીશોની નિમણૂક અને ટ્રાન્સફર** માટે Collegium Systemનો ઉપયોગ થાય છે.

● આ સિસ્ટમ અંતર્ગત કોલેજીયમની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટમાં ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) આ 'Collegium'માં <u>સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશ</u>નો સમાવેશ કરવો અનિવાર્ય છે.

(2) ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની 'Collegium System'નો જન્મ <u>"Three judges Cases"</u> દ્વારા થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**1.** ઓક્ટોબર, 2020 દરમિયાન ગુજરાત હાઈકોર્ટમાં કેટલા નવા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવી છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(B)**

**2.** ઓક્ટોબર, 2020 દરમિયાન ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂક પામેલા ત્રણ નવા ન્યાયાધીશમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) જસ્ટિસ નયન પંડ્યા (B) જસ્ટિસ વૈભવી નાણાવટી

(C) જસ્ટિસ નિર્ઝરકુમાર દેસાઈ (D) જસ્ટિસ નિખિલ કરિયલ **(A)**



# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ કોરોનાગ્રસ્ત દર્દીના છાતીનાં નિદાન માટે ગુજરાતનું પ્રથમ અદ્યતન એક્સ-રે મશીન જામનગરમાં કાર્યરત

ગુજરાતના **જામનગર** ખાતે આવેલી **જી.જી. હોસ્પિટલ**માં એક અદ્યતન **એક્સ-રે મશીન** કાર્યરત કરવામાં આવ્યું છે. જામનગરની જી. જી. હોસ્પિટલ ખાતે કાર્યરત કરવામાં આવેલું આ એક્સ–રે મશીન **કોરોનાગ્રસ્ત દર્દીના છાતીના નિદાન** માટેનું ગુજરાતનું **પ્રથમ** અદ્યતન એક્સ–રે મશીન છે. આ મશીનની મદદથી કોરોનાગ્રસ્ત દર્દીની છાતીમાં રહેલ નાનામાં નાના ચેપ, છાતીના ભાગમાં પાણી ભરાવું તેમજ ન્યુમોનિયાની અસર વિશે તાત્કાલિક જાણી શકાય છે. **જી. જી. હોસ્પિટલ**નું પૂરું નામ **ગુરૂ ગોબિંદ સિંઘ સરકારી હોસ્પિટલ** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ગુજરાતમાં અમરેલી જિલ્લાના આંબરડી સફારી પાર્કને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **અમરેલી** જિલ્લાના **ધારી** પાસે આવેલા **આંબરડી સફારી પાર્ક**માં રૂ. 25.67 કરોડના ખર્ચે હાથ ધરાનારા યાત્રી વિકાસ કામોનું ગાંધીનગર ખાતેથી ઈ–ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે આંબરડી સફારી પાર્કને **એશિયાટિક સિંહના દર્શન માટે**ના પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની જાહેરાત કરી હતી. જે ગુજરાતમાં ગીર બાદ સિંહદર્શન માટેનું ગુજરાતનું બીજું પ્રવાસન સ્થળ હશે.

## ભારત

### ➤ સુશ્રી શિવાંગી સિંહ ભારતના સૌથી આધુનિક ફાઈટર જેટ રાફેલના પ્રથમ મહિલા પાઈલટ બનશે

ભારતમાં રાફેલ ફાઈટર જેટના પાઈલટ તરીકે સુશ્રી શિવાંગી સિંહની પસંદગી કરવામાં આવી છે. આ અંતર્ગત સુશ્રી શિવાંગી સિંહનો હરિયાણાના અંબાલા ખાતે આવેલી 'ગોલ્ડન એરો' તરીકે ઓળખાતી રાફેલની 17મી સ્ક્વોડ્રનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ સુશ્રી શિવાંગી સિંહ રાફેલ જેટના પ્રથમ મહિલા પાઈલટ બની ગયા છે. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં 15 માર્ચ, 1995ના રોજ તેમનો જન્મ થયો હતો. સબ લેફ્ટનન્ટ શિવાંગી સિંહ ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાઈલટ પણ છે. 2 ડિસેમ્બર 2019ના રોજ તેમણે આ સિદ્ધિ મેળવી હતી.

### ➤ ભારતમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ભારતની પ્રથમ ટ્રામ લાઈબ્રેરીનો પ્રારંભ

ભારતમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ટ્રામ લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. કોલકાતા ખાતે શરૂ થયેલી આ લાઈબ્રેરી ભારતની પ્રથમ ટ્રામ લાઈબ્રેરી છે. આ લાઈબ્રેરીનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવશે. કોલકાતાના એજ્યુકેશન હબ તરીકે ઓળખાતા શ્યામ બજારથી એસ્પ્લેનેડ વચ્ચે આ ટ્રામ લાઈબ્રેરી દોડશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે શ્રી રાજીવ કુમારની નિમણૂક

ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે તાજેતરમાં શ્રી રાજીવ કુમારની નિમણૂક કરવામાં આવી છે. શ્રી રાજીવ કુમાર આ અગાઉ PESB (Public Enterprises Selection Board)ના ચેરમેન તરીકે ફરજ બજાવતા હતા. શ્રી રાજીવ કુમાર બિહાર/ઝારખંડ કેડરના 1984ના બેચના IAS ઓફિસર છે. ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે શ્રી રાજીવ કુમારે શ્રી અશોક લવાસાનું સ્થાન લીધું છે. ભારતના વર્તમાન (28 સપ્ટેમ્બર 2020ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

(1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)
(2) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)
(3) શ્રી રાજીવ કુમાર (ચૂંટણી કમિશનર)

## ➤ સિગારેટ અને બીડીના છૂટક વેચાણ પર પ્રતિબંધ મૂકનાર મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્રમાં સિગારેટ અને બીડીના છૂટક વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સાથે જ મહારાષ્ટ્ર સિગારેટ અને બીડીના છૂટક વેચાણ પર પ્રતિબંધ મૂકનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે. જોકે, મહારાષ્ટ્રમાં સિગરેટ અને બીડીના આખા પેકેટનું વેચાણ થઈ શકશે. કોઈ વ્યકિત એક સિગારેટ ખરીદે તો તે તેના પેકેટ પર રહેલી ચેતવણી જોઈ શકતો નથી. આથી, તેના છૂટક વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# વિશ્વ

## ➤ ઓસ્ટ્રેલિયાના પ્રસિદ્ધ ક્રિકેટર અને IPL 2020ના કોમેન્ટેટર શ્રી ડીન જોન્સનું નિધન

ઓસ્ટ્રેલિયાના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી ડીન જોન્સનું 24 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના મુંબઈ ખાતે 59 વર્ષની વયે નિધન થયું છે. તેઓ IPL 2020માં મુંબઈ ખાતેથી કોમેન્ટ્રી કરી રહયા હતા. ઓસ્ટ્રેલિયાના મેલબોર્નના પરા વિસ્તાર કોબર્ગ (Coburg)માં તેમનો જન્મ થયો હતો. તેઓ ઓસ્ટ્રેલિયાના પ્રસિદ્ધ બેટ્સમેન અને કોમેન્ટેટર ઉપરાંત કોચ પણ હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સુરંગો શોધીને લોકોના જીવ બચાવવા બદલ કોલમ્બિયાના 'મગાવા' નામના ઉંદરને ગોલ્ડ મેડલ

બ્રિટનની પીપલ્સ ડિસ્પેન્સરી ફોર સિક એનિમલ્સ (PDSA) નામની સંસ્થા દ્વારા લંડનમાં આયોજિત એક કાર્યક્રમમાં 'મગાવા' નામના એક ઉંદરને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો છે. આ ઉંદર નાકથી સૂંઘીને સુરંગો શોધી શકે છે. આથી, કોલમ્બિયામાં જમીનની નીચે બિછાવેલી સુરંગો શોધીને લોકોના જીવ બચાવવા બદલ આ ઉંદરને ગોલ્ડ મેડલ એનાયત થયો છે.

## ICE Questions

- ગુજરાતના કયા શહેરમાં કોરોનાગ્રસ્ત દર્દીના છાતીનાં નિદાન માટે ગુજરાતનું પ્રથમ અદ્યતન એકસ–રે મશીન કાર્યરત કરવામાં આવ્યું છે ? – જામનગર
- ગુજરાતમાં જામનગરની કઈ હોસ્પિટલમાં કોરોના ગ્રસ્ત દર્દીના છાતીનાં નિદાન માટે ગુજરાતનું પ્રથમ અદ્યતન એકસ–રે મશીન કાર્યરત કરવામાં આવ્યું છે ? – જી. જી. હોસ્પિટલ
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા સફારી પાર્કને સિંહદર્શન માટેના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જાહેરાત કરી છે ? – આંબરડી સફારી પાર્ક
- આંબરડી સફારી પાર્ક ગુજરાતના કયા જિલ્લામાં આવેલો છે ? – અમરેલી
- રાફેલ જેટના પ્રથમ મહિલા પાઈલટ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી શિવાંગી સિંહ
- ભારતીય નૌસેનાના પ્રથમ મહિલા પાઈલટ કોણ છે ? – સુશ્રી શિવાંગી સિંહ
- ભારતના કયા શહેરમાં ભારતની પ્રથમ ટ્રામ લાઈબ્રેરીનો પ્રારંભ થયો છે ? – કોલકાતા
- ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રાજીવ કુમાર
- ભારતના નવા ચૂંટણી કમિશનર તરીકે શ્રી રાજીવ કુમારની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અશોક લવાસા
- સિગારેટ અને બીડીના છૂટક વેચાણ પર પ્રતિબંધ મૂકનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – મહારાષ્ટ્ર
- IPL 2020માં કોમેન્ટ્રી આપનાર ઓસ્ટ્રેલિયાના કયા પ્રસિદ્ધ ક્રિકેટરનું મુંબઈ ખાતે નિધન થયું છે ? – શ્રી ડીન જોન્સ
- IPL 2020માં કોમેન્ટ્રી આપનાર કયા દેશના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી ડીન જોન્સનું મુંબઈ ખાતે નિધન થયું છે ? – ઓસ્ટ્રેલિયા
- સુરંગો શોધીને લોકોના જીવ બચાવનાર કયા ઉંદરને તાજેતરમાં ગોલ્ડ મેડલ એનાયત થયો છે ? – મગાવા
- કયા દેશમાં સુરંગો શોધીને લોકોના જીવ બચાવનાર મગાવા નામના ઉંદરને તાજેતરમાં ગોલ્ડ મેડલ એનાયત થયો છે ? – કોલમ્બિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ટી-20 ક્રિકેટમાં 3000 રન બનાવનાર વિશ્વના બીજા ક્રિકેટર તથા બીજા મહિલા ક્રિકેટર કોણ છે ? – સુશ્રી સ્ટેફની ટેલર (વેસ્ટ ઈન્ડિઝ)
(વેસ્ટ ઈન્ડિઝની ટીમના કેપ્ટન સુશ્રી સ્ટેફની ટેલરે ઈંગ્લેન્ડ સામેની એક મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. આ અગાઉ ન્યુઝીલેન્ડના મહિલા ક્રિકેટર સુશ્રી સુઝી બેટ્સે ટી-20 ક્રિકેટમાં 3000 રન બનાવનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર તથા પ્રથમ મહિલા ક્રિકેટર બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. 27 સપ્ટેમ્બર 2020 સુધીમાં એક પણ પુરુષ ક્રિકેટરે ટી-20 ક્રિકેટમાં 3000 રન બનાવ્યા નથી.)
2. ટી-20 ક્રિકેટમાં 100થી વધુ મેચ જીતનારી વિશ્વની પ્રથમ ટીમ કઈ છે ? – ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ
3. કેન્દ્ર સરકારે ભારતના રાજ્યોને ‘સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ’ (SDRF)ના કેટલા ટકા સુધી નાણાં કોરોના સામેની લડાઈ માટે વાપરવાની પરવાનગી આપી છે ? – 50 ટકા
4. કરોના મહામારીને કારણે ગુજરાત સરકારે ગુજરાતની તમામ ખાનગી શાળાઓમાં ફીમાં કેટલા ટકા રાહત આપવાનો નિર્ણય કર્યો છે ? – 25 ટકા
5. ગુજરાતમાં કેટલી વિધાનસભા બેઠકો માટે 3 નવેમ્બર 2020ના રોજ ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચે જાહેરાત કરી છે ? – 8 બેઠકો માટે
(ગુજરાતમાં 10 નવેમ્બરના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થશે.)
6. સપ્ટેમ્બર 2020 દરમિયાન વિશ્વના કયા બે દેશો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું હતું ? – આર્મેનિયા અને અઝરબૈજાન
7. આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે કયા વિવાદાસ્પદ વિસ્તારને કારણે યુદ્ધ ફાટી નીકળ્યું હતું ? – નાગોર્નો કારાબાખ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ નાગોર્નો કારાબાખ શું છે ?

– આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે આવેલો એક વિસ્તાર

9. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા આપવામાં આવેલા વિશ્વની 114 મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટના રેન્કિંગમાં ભારતની સંસ્થાઓમાંથી કઈ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ પ્રથમ ક્રમે છે ?

(IIM અમદાવાદ આ રેન્કિંગમાં 20મા ક્રમે છે.) –IIM અમદાવાદ

10. ટી-20 ક્રિકેટમાં કેચ અને સ્ટમ્પિંગ દ્વારા સૌથી વધુ 92 શિકાર કરનાર પ્રથમ વિકેટકિપર કોણ છે ? – સુશ્રી એલિસા હીલી (ઓસ્ટ્રેલિયા)

(આ અગાઉ આ રેકોર્ડ ભારતના શ્રી મહેન્દ્ર સિંહ ધોનીને નામે હતો. જેમાં તેમણે સૌથી વધુ 91 શિકાર ઝડપ્યા હતા.)

11. FSSAI દ્વારા ભારતમાં દુકાનોમાં છૂટક વેચાણ માટે રાખવામાં આવતી મીઠાઈઓ પર કયારથી એકસપાયરી ડેટ ફરજિયાત કરવામાં આવી છે ? – 1 ઓકટોબર, 2020

(FSSAIનું પૂરું નામ Food Safety and Standards Authority of India છે.)

12. ગુજરાત કો–ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અથવા તો અમૂલ દ્વારા ગુજરાતના ગાંધીનગર ખાતેના પ્લાન્ટ બાદ ગુજરાતના કયા શહેરમાં બીજો મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે ? – રાજકોટ

13. કોરોના સંક્રમણને કારણે સૌથી વધુ 101 દિવસ હોસ્પિટલમાં રહેનારા એશિયાના એકમાત્ર વ્યકિત કોણ છે ? – શ્રી ભરતસિંહ સોલંકી (ગુજરાત કોંગ્રેસના નેતા)

14. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધી જયંતી નિમિત્તે ગુજરાતમાં 5 ઓકટોબરથી 31 ડિસેમ્બર 2020 સુધી ખાદીની ખરીદીમાં કેટલા ટકા ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરી છે ? – 20 ટકા

15. તાજેતરમાં ગુજરાતમાં કોની અધ્યક્ષતામાં ‘સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડ’ની 19મી બેઠક વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાઈ હતી ? – શ્રી વિજયભાઈ રૂપાણી

16. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના અરવલ્લી જિલ્લાના કયા શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું ? – મોડાસા

(મોડાસામાં પ્રથમ તબક્કામાં રૂ. 69.84 કરોડના ખર્ચે 124 કિમી લંબાઈની ભૂગર્ભ ગટરનું નિર્માણ કરવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.


JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT